Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન સત્ય પ્રકાશ

વર્ષ ૧૫ : અંક ૬ ] તા. ૧૫-૩-૫૦ : અમદાવાદ [ ક્રમાંક : ૧૭૪

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

## विषय-दर्शन


| વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. જૈનોની અતીત ગાથા | શ્રી. પી. એસ. કુમારસ્વામી રાજા | ૧૨૯ |
| ૨. ઇતિહાસના અજવાળે | શ્રી. મોહનલાલ. દી. ચોકસી | ૧૩૦ |
| ૩. જૈન આગમ સાહિત્ય અનુસાર ભારતીય સંસ્કૃતિનું રેખાદર્શન | શ્રી. ઉમાકાંત પ્રેમાનંદ શાહ | ૧૩૩ |
| ૪. શ્રી. એટા તીર્થની યાત્રાએ | પૂ. મુ. શ્રી. ચંદ્રપ્રભવિજયજી | ૧૩૬ |
| ૫. 'મહેશ્વર' નામક સૂરિઓ | પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૩૮ |
| ૬. સોમેશ્વરકૃત 'કીર્તિકૌમુદી' | અ. શ્રી. ભોગીલાલ સાંડેસરા | ૧૪૧ |
| ૭. કુંડિનપુર | પૂ. મુ. શ્રી. જંબૂવિજયજી | ૧૪૬ |
| ૮. ગુલાબ અને કાંટા | અં. | ૧૪૯ |
| ૯. પ્રશ્નોત્તર કિરણાવલી | પૂ. આ. શ્રી. વિજયપદ્મસૂરિજી | ૧૫૧ |
| ૧૦. ભારતનું બંધારણ | | ટાઈટલ- ૨-૩ |
| ૧૧. ગ્રંથસ્વીકાર | | ટાઈટલ- ૩ |


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતનું બંધારણ

## ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર

**અંતઃકરણની સ્વાધીનતા અને ધાર્મિક માન્યતા, એનો અમલ અને પ્રસારઃ**

૨૫. (૧) **જાહેરવ્યવસ્થા**, નીતિ અને સુખાકારીના નિયમોને તેમજ આ વિભાગમાં બીજી જે જોગવાઈઓ કરવામાં આવી છે તેને વશવર્તી રહી પોતપોતાના અંતઃકરણની સ્વાધીનતાનો અને અમુક ધર્મ માનવાનો અને એને અમલમાં મુકવાનો સૌ કોઈનો એક સરખો અધિકાર રહેશે.

(अ) ધાર્મિક ક્રિયાઓ સાથે સંકળાય એવી આર્થિક, નાણાંકીય, રાજકીય અથવા બીજી કોઈ બિનમઝહબી પ્રવૃત્તિનું નિયમન કરતા કે એના ઉપર નિયંત્રણો લાદતા,

(ब) સામાજિક કલ્યાણ કે સુધારા માટે જોગવાઈ કરતા અથવા જાહેર ગણી શકાય એવી હિંદુ ધાર્મિક સંસ્થાઓને હિંદુઓના તમામ વર્ગો અને વિભાગો માટે ખુલ્લી મૂકતા,

અમલમાં હોય તેવા કોઈ પણ કાયદા ઉપર આ કલમની કશી અસર થશે નહિ તેમ જ રાજ્યને એવા કાયદા ઘડતાં અટકાવી પણ શકાશે નહિ.

સમજૂતી—૧ઃ—કિરપાણ શરીર પર ધારણ કરવાનું કે એને લઈને ફરવાનું શીખ ધર્મમાં ફરમાવાયું છે એ માન્ય કરી જ લેવાનું.

સમજૂતી—૨ઃ—ઉપર પેટાકલમ (૨) ના પેટા (आ) માં હિંદુઓ વિશેનો જે ઉલ્લેખ છે તેનો અર્થ એ કે શીખ, જૈન અને બૌદ્ધધર્મ પાળનારાઓનો સમાવેશ પણ એમાં થઈ જાય છે. અને તે જ પ્રમાણે "હિંદુ ધાર્મિક સંસ્થાઓના" ઉલ્લેખમાં શીખ, જૈન અને બૌદ્ધ ધાર્મિક સંસ્થાઓનો પણ સમાવેશ થઈ જાય છે.

**ધાર્મિક પ્રવૃત્તિ માટે છૂટ;**

૨૬. જાહેરવ્યવસ્થા, નીતિ અને સુખાકારીને વશવર્તી રહી પ્રત્યેક ધાર્મિક પંથ અથવા એના કોઈ પણ ભાગને નીચેના અધિકારો રહેશે.

(अ) ધાર્મિક અને ધર્માદા હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને એને નિભાવવાનો,

(आ) ધર્મની બાબતોમાં પોતાની પ્રવૃત્તિ ચલાવવાનો,

(इ) જંગમ અને સ્થાવર મિલકતો ધરાવવાનો કે એનો નિકાલ કરવાનો, અને

(उ) આવી મિલકતોનો કાયદા પ્રમાણે વહીવટ કરવાનો.

**કોઈ પણ ખાસ ધર્મના ઉત્તેજન માટે કરવેરામાંથી માફીઃ**

૨૭. કોઈ પણ ખાસ ધર્મ અથવા ધાર્મિક પંથના ઉત્તેજન યા નિભાવ માટે થતા ખર્ચમાં જ સ્પષ્ટરીતે જેનો ઉપયોગ થાય છે એવી રકમ ઉપર કોઈ પણ ફરજ પાડી શકાશે નહિ.

**કેટલીક શિક્ષણ સંસ્થાઓમાં પ્રાર્થના કે ધાર્મિક કેળવણીમાં હાજરી આપવાની સ્વતંત્રતાઃ**

૨૮. (૧) રાજ્યનાં નાણાંમાંથી જે સર્વાંશે જેનો નિભાવ થતો હોય એવી કોઈપણ સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી શકશે નહિ.

[ અનુસંધાન ટાઇટલ પેજ ત્રીજે ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈનોની અતીત ગાથા

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित श्री जैनधर्म सत्य प्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईनी वाडी : घीकांटा रोड
अमदावाद ( गुजरात )

જૈનધર્મ અતિપ્રાચીન હોવાનું અભિમાન કરી શકે છે. ભગવાન ઋષભદેવથી લઈને ભગવાન મહાવીર સુધી ચોવીશ તીર્થંકરોએ આ ધર્મની પ્રતિષ્ઠા વધારી છે, તેમાં તેમને અતિ પ્રાચીનકાળના બતાવવામાં આવ્યા છે.

જૈનધર્મને અતીતકાળમાં ઘણાયે રાજવંશોનું સંરક્ષણ મળ્યું છે. પરિણામે એનો પ્રભાવ ખૂબ વધ્યો હતો. જૈનોએ સમસ્ત ભારતમાં ઘણાં વિદ્યાપીઠોની સ્થાપના કરી હતી, જ્યાંથી જ્ઞાન અને સંસ્કૃતિનો પ્રચાર કરવામાં આવતો હતો. જો કે એમાંના અનેક સમયના પ્રવાહમાં વિલીન થઈ ગયા. છતાં અત્યાર સુધી એવાં ચિહ્નો અને લેખો મોજુદ છે, જે જનતાની પ્રવૃત્તિ અને જીવન પર છાપ પાડનારી જૈનધર્મની અતીત ગૌરવ ગાથા અને શ્રેષ્ઠતાનું પ્રમાણ છે. દક્ષિણ ભારતમાં ઘણાંયે એવાં સ્થાનો અને મંદિરો છે જે જૈનધર્મની આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક મહાનતાનાં ઉજ્જવળ પ્રતીકો છે. જૈનધર્મની નીતિ કદાપિ આક્રમણાત્મક નથી રહી, તેથી જ જનસાધારણમાં એનો પ્રચાર અને વિકાસ સુગમતાથી થઈ શક્યો. પૂર્ણરૂપે અહિંસાનું પાલન એ એનો મૂળ સિદ્ધાંત છે. જૈનધર્મે સંસારને અહિંસાનો સંદેશ આપ્યો છે. × ×

દેશના જીવન પર નૈતિક અને આચાર સંબંધી પ્રભાવ ઉપરાંત કળાઓ અને ભાષાઓના વિકાસમાં પણ જૈનધર્મનું અર્પણ અદ્ભુત છે. તેમણે ધર્મપ્રચાર અને જ્ઞાનની રક્ષા નિમિત્તે ભિન્ન ભિન્ન સ્થાનોમાં ભિન્ન ભિન્ન સમયે પ્રચલિત ભાષાઓનો ઉપયોગ કર્યો. કેટલીક ભાષાઓને સર્વ પ્રથમ સાહિત્યકરૂપ દેવાનું શ્રેય એમને જ છે. કાનડીનું પ્રાચીનતમ સાહિત્ય જૈનોએ નિર્માણ કર્યું છે. પ્રાચીન તામિલ સાહિત્ય પણ ઘણુંખરું જૈન લેખકોનું જ છે. તામિલના મુખ્ય મહાકાવ્યોમાંથી એક 'ચિંતામણિ' અને બીજું 'સીલપ્પદિકરમ્' જૈન લેખકોની જ કૃતિઓ છે. પ્રસિદ્ધ 'નલદિયર'નું મૂળ પણ જૈન છે. દક્ષિણનું મૈલાપુર (મદ્રાસ શહેરનો એક ભાગ) એક સમયે જૈન સાહિત્યિક રચનાઓના મુખ્ય સ્રોતરૂપે વિખ્યાત હતું.

એક વ્યાખ્યાન ]

શ્રી. પી. એસ. કુમારસ્વામી રાજા
પ્રધાનમંત્રી મદ્રાસ

| | | |
|---|---|---|
| વર્ષ ૧૫ | વિક્રમ સં. ૨૦૦૬ : વીરનિ. સં. ૨૪૭૬ : ઈ. સ. ૧૯૫૦ | ક્રમાંક |
| અંક ૬ | ફાગણ વદિ ૧૨ : બુધવાર : ૧૫ માર્ચ | ૧૭૪ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇતિહાસના અજવાળે

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

[ ૫ ]

The victor erected a fortress at the village of Patali on the bank of the Ganges to curb his Lichchhavi opponents. The foundations of a city nestling under the shelter of the fortress were laid by his grandson Udaya. The city so founded was known variously as Kusumapura, Pushpapura or Pataliputra and rapidly developed in size and magnificence, until, under the Maurya dynasty, it became the capital, not only of Magadha, but India.

If the chronology adopted in this chapter be even approximately correct, Bimbisara and Ajatasatru must be regarded as the contemporaries of Darius, the son of Hystaspes, autocrat of the Persian Empire from 521 to 485 B. C.

Buddha, as has been mentioned above, died early in the reign of Ajatasatru. (Early History P. 33.)

ઇતિહાસકાર વિન્સેન્ટ સાહેબે પોતાના ઉપરના પુસ્તકમાં બૌદ્ધધર્મના ગ્રંથો તેમજ પુરાણો પર વજન વધારે મૂક્યું છે. એ ઉપરથી જૈનધર્મના ગ્રંથો તેમના જોવામાં ઘણા થોડા આવેલા જણાય છે. આમ છતાં એ તારવણી પણ જૈન સાહિત્યમાં આલેખાયેલા પ્રસંગોને લગભગ મળતી આવે છે. ઉપરની ત્રણ નોંધમાં ત્રણ જુદી જુદી બાબતો છે.

પ્રથમમાં વૈશાલી પર વિજય મેળવનાર અજાતશત્રુએ ગંગા નદીના કિનારે પાટલીનામા ગામ આગળ કિલ્લો બંધાવ્યાની વાત છે. એમ કરવાનો હેતુ પોતાના શત્રુઓ–લિચ્છવીઓને દાબવાનો હતો. એમ જણાવી તેઓ કહે છે કે એ સર્વ કાર્ય–કિલ્લાની બાંધણી તેમજ ત્યાં શહેર વસાવવાની ક્રિયા–તેના પૌત્ર ઉદયના હાથે થઈ હતી અને એ રીતે જે શહેર અસ્તિત્વમાં આવ્યું એ કુસુમપુર પુષ્પપુર અથવા તો પાટલીપુત્ર તરીકે આલેખાયું અને જોતજોતામાં એનો વિસ્તાર અને ભભક વધી પડ્યાં. એની પ્રગતિનો પારો ઊંચો ચઢી મૌર્યવંશ જ્યારે ગાદી પર આવ્યો ત્યારે પૂર્ણ ડીગ્રીએ પહોંચ્યો અર્થાત્ માત્ર 'મગધનું' જ નહીં પણ સારાયે ભારતવર્ષનું એ મુખ્ય શહેર ગણાયું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયને પૌત્ર દર્શાવવામાં પુરાણુનો આધાર લેવાયો છે પણ એ સાવ લૂલો છે એમ ઇતિહાસકાર પોતે જ પાછળથી સ્વીકારે છે. આ રહ્યા એ શબ્દો :

Ajatasatru was succeeded according to the Puranas by a son named Darsak or Harshaka who was in turu succeeded by his son Udaya[1]. The Buddhist books omit the intermediate name and represent Udaya as the son and immiediate successor of Ajatasatru. If Darasak or Harshaka was a reality nothing is known about him.

દર્શક કે હર્ષક નામા પુત્ર અજાતશત્રુને હતો. એનો પુત્ર ઉદાયી. પણ દર્શક કે હર્ષક સંબંધમાં કંઈ જ જાણવા જેવી નોંધ મળતી નથી. એ જોતાં જૈન સાહિત્યમાં ઉદય કિંવા ઉદાયીને અજાતશત્રુના પુત્ર દર્શાવેલ છે એ વાસ્તવિક છે. પાટલી ગામમાં કિલ્લો બાંધવાના કારણમાં લિચ્છવીઓને દાબવા માટેનું કારણ કહ્યું છે તે પણ વજનદાર નથી જણાતું. કારણ કે અજાતશત્રુએ ચેટક મહારાજાના વૈશાલીને બેદાનમેદાન કર્યા પછી લિચ્છવીઓ કે એમનું ગણરાજ્ય લગભગ નામશેષ જેવી દશામાં આવી ગયું હતું એટલે જૈન સાહિત્યમાં પાટલીપુત્રના વસવાટ અંગે જે આખ્યાયિકા દષ્ટિગોચર થાય છે એ વધારે વજનદાર જણાય છે. એ વાતને લેખક મહાશયની ત્રીજી નોંધ એટલે કે અજાતશત્રુના રાજ્યકાળના પ્રારંભના સમયમાં બુદ્ધદેવનું નિર્વાણ થયું હતું એને પુષ્ટિ આપે છે. જૈન સાહિત્યમાં સંખ્યાબંધ ઉલ્લેખ દષ્ટિગોચર થાય છે કે બુદ્ધદેવનું નિર્વાણ ભગવંત મહાવીરદેવની પહેલાં થયું હતું. લગભગ એ પછી શ્રીમહાવીર ભગવાન પંદરેક વર્ષ સુધી વિચર્યા હતા. તેઓશ્રી ચંપામાં પધાર્યા ત્યારે અજાતશત્રુએ ભારે મહોત્સવપૂર્વક સામૈયું કર્યું હતું. પોતાના પિતાની માફક શરૂઆતમાં તે બુદ્ધદેવનો ઉપાસક હશે પણ પાછળથી એ ભગવંત મહાવીરનો અનુયાયી બન્યો હતો. આ વાતની પુષ્ટિનાં પ્રમાણો એક કરતાં વધુ મળે છે. વૈશાલી પર વિજય મેળવવામાં એણે જૈનધર્મી શ્રમણની સહાય લીધી છે એ વાત ભૂલવાની નથી. ગણરાજ્યના સ્વામી ચેટકરાજને જીત્યા પછી એને પોતાની વીરતાનો ગર્વ આવ્યો એટલું જ નહીં પણ પૂર્વે થયેલ ચક્રવર્તી માફક છ ખંડના માલિક કહેવડાવવાની તીવ્ર ઇચ્છા જન્મી.

એ કારણે ભગવંત મહાવીરદેવને પ્રશ્ન પૂછી ચક્રવર્તી સંબંધી વૃતાન્ત જાણી લીધું એટલું જ નહીં પણ એણે કહી દીધું કે, 'ભગવંત હું ચક્રવર્તી બની છ ખંડ સાધીશ.' જ્ઞાની પ્રભુને કંઈ જ અગોચર નહોતું. તેઓશ્રી બોલ્યા, 'ભાઈ! ભરતખંડમાં બાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ તેમજ ચોવીસ તીર્થંકર મળી ત્રેસઠ શલાકાપુરુષો, એક સર્પિણીમાં થાય એવો શાશ્વત નિયમ છે. આ અવસર્પિણી કાળમાં તીર્થંકરની શરૂઆત શ્રીયુગાદિજિનેશથી થઈ અને પૂર્ણતામાં હું છું. એ ગાળામાં ઉપર કહ્યા તેવા ચક્રવર્તીઓ અને વાસુદેવો વગેરે થઈ ગયા છે. નવાને સ્થાન

1. The name Udaya has variant forms—Udayana Udayashva in the Puranas. The Buddhists call him Udayi-Bhadda and represent him as the son of Ajatasatru.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે જ નહીં.' ત્યારે તેણે જવાબમાં કહ્યું: 'ભગવંત 'वीरभोग्या वसुंधरा' એ નીતિકારોનું કથન ખોટું નથી જ. પરાક્રમી એવો કાળા માથાનો માનવી શું ન કરે ? વૈશાલીના મહાન્ રાજ્યને હતું ન હતું કરી નાંખ્યું તો સામાન્ય રાજવીઓને જીતવા એમાં શી મોટી વાત છે ? માગધવરદામ ને પ્રભાસ ઓળંગી તમિસ્રા ગુફાના દ્વાર ખખડાવવાનો ને એની પેલી મેર વિજયધ્વજ રોપી ખંડપ્રપાતા દ્વારા પાછા ફરવાનો મારો મક્કમ નિર્ધાર છે.'

પૂર્ણજ્ઞાની ભગવંત ભવિતવ્યતા જોઈ મૌન રહ્યા. અજાતશત્રુએ બોલેલું કરી બતાવવા યત્ન કર્યો અને તમિસ્રા ગુફાના દ્વાર ખોલવાનું તો દૂર રહ્યું પણ અધિષ્ઠાયક દેવના પ્રકોપથી જોતજોતામાં ત્યાં પહોંચતાં જ ભસ્મીભૂત થઈ ગયો. આવા પરાક્રમી પિતાના આવા કરુણ મરણનો આઘાત પિતૃભક્ત ઉદાયીને એટલો સખત લાગ્યો કે એને ચંપાનગરીમાં અને રાજકાજમાં જરા પણ ગોઠયું નહીં. જ્યાં ત્યાં પિતાની સ્મૃતિ નજરે પડતી. મનની ઉદ્વિગ્નતા મર્યાદા વટાવી ગઈ. બુદ્ધિશાળી મંત્રીઓએ રાજગાદી ફેરવવાનો વિચાર કર્યો. શ્રેણિક મહારાજના મરણથી થયેલ આઘાત દૂર કરવા અજાતશત્રુ જેમ રાજગૃહથી ચંપામાં આવ્યા હતા તેમ કોઈ નવા સ્થાનની શોધ માટે દક્ષ માણસોને રવાના કરી રાજવીનો આઘાત નિવારવાનો માર્ગ શોધ્યો. પાટલીગ્રામનાં ભાગ્ય ઊઘડી ગયાં. એની સીમામાં નિષ્ણાતોનાં પગલાં પડયાં ત્યારે એમની નજરે જે બનાવ ચઢયો તેણે જંગલમાં મંગલ બનાવ્યું.

એક વિશાળ પાટલવૃક્ષ ગંગાના કિનારે શોભી રહ્યું હતું. એની મનોહરતા અને સુવાસથી સંખ્યાબંધ પક્ષીગણનું એ વિશ્રામધામ બન્યું હતું. કુદરતી રીતે એ પક્ષીઓને આહાર આવીને મુખમાં પડતો અર્થાત્ શિકાર અર્થે તેમને ત્યાંથી દૂર સુધી ઊડવાની કે ખૂણાખાંચરા શોધવાની જરૂર પડતી નહીં.

નિરીક્ષકોએ વિચાર્યું કે અહીં જો રાજધાની વસાવવામાં આવે તો પંખીઓને જેમ વગર પરિશ્રમે ખોરાક મળે છે તેમ રાજ્યને ઓછી મહેનતે સમૃદ્ધિ પ્રાપ્ત થાય. એ પછી ધરતીનાં બીજાં પણ લક્ષણો જોયાં. પાટલવૃક્ષના અસ્તિત્વ અંગેનો વૃતાન્ત જાણ્યો. એમાં પુષ્પચૂલા સાધ્વીએ કરેલી શુશ્રુષા અને અર્ણિકાપુત્ર આચાર્ય ગંગા ઉતરવા વહાણમાં બેઠા અને પછી થયેલ કેવળજ્ઞાન આદિના પ્રસંગો પરથી સ્થળની પવિત્રતા વિચારી રાજધાની સ્થાપવાનો નિર્ધાર થયો.[2]

જોતજોતામાં હજારો કારીગરો કામે લાગી ગયા અને ટૂંક સમયમાં ઉદાયી મહારાજનાં પગલાં આ રાજધાનીમાં થયાં. આસપાસમાં પુષ્પો સારા પ્રમાણમાં થતાં એટલે અને ઉપર જે પ્રસંગ વર્ણવ્યો છે એ કારણે જુદા જુદા નામે આ નગરીની પ્રસિદ્ધિ થઈ. રાજવીનું મન અહીં આવ્યા પછી શાંત થયું.

[ અનુસંધાન પૃષ્ઠ : ૧૪૦ ]

2. The building of the city of Patliputra by Udaya is asserted by the Vayu Puran.

બૌદ્ધગ્રંથો અને પુરાણોની નોંધ ટાંકેલી જોતાં સહજ અનુમાની શકાય કે જૈનધર્મના ગ્રંથો સાચા લેવાયા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન આગમ સાહિત્ય અનુસાર

## પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું રેખાદર્શન

[ એક સમાલોચના ]

લેખકઃ—શ્રીયુત ઉમાકાંત પ્રેમાનંદ શાહઃ એમ. એ.

**પ્રો.** જગદીશચંદ્ર જૈને લગભગ બે અઢી વર્ષથી એક પુસ્તક બહાર પાડ્યું છેઃ Life in Ancient India as Depiched in the Jaina Canons. આ પુસ્તક જૈનસાહિત્યના અભ્યાસમાં અપૂર્ણ રહેલી એક ખામીને પૂરવાનો સ્તુત્ય પ્રયાસ છે.

પ્રાચીન હિંદે સમાજરચના, અર્થશાસ્ત્ર, રાજનીતિ, કળા વગેરે બાબતોમાં સાધેલી પ્રગતિનો અભ્યાસ વિવિધ દૃષ્ટિએ કરવો પડે છે. સાહિત્ય અને પુરાતત્ત્વ (archaeology) આ બે મુખ્ય અંગો છે. જ્યાં શિલાલેખ કે વૈજ્ઞાનિક પદ્ધતિથી ખોદી કાઢી પ્રસ્તર ( Stratum )ના આધારે કોઈ વસ્તુનો કાલનિર્ણય થયો હોય ત્યાં ઘણુંખરું સાહિત્યનો વિરોધ હોય તો પણ તે પુસ્તકગત પ્રણાલિને શંકાસ્પદ ગણવી પડે છે. બીજી તરફ જે બાબતો વિષે આપણને કાંઈ ખબર ના હોય અથવા હજુ સુધી ખોદકામ થયું ના હોય એવી બાબતોમાં અને ખુદ ખોદકામમાં સાહિત્યગત પ્રણાલિઓને હકીકતોનો આધાર લઈ શરૂઆત કરવી પડે છેઃ દાખલા તરીકે રાજગૃહમાં જૈન પ્રાચીન ચૈત્યો, પ્રતિમાઓ વગેરે ક્યાંથી ખોદી કાઢવી એ માટે આપણે જૈન, બૌદ્ધ અને બ્રાહ્મણ સાહિત્યમાં આવતા રાજગૃહના વર્ણનો લઈ નક્કી કરવું જોઈએ કે અમુક જગાઓ જૈન હોઈ શકે, પછી ભલે હાલ તેના ઉપર બૌદ્ધ કે ઇતર અવશેષો હોય એવી જગાઓની એક બાજુએથી પ્રાસ્તાવિક થોડુંક ખોદકામ કરી જોવાથી યોગ્ય નિર્ણયો થઈ જાય. આવી અનેક રીતે પ્રાચીન સાહિત્યનો અભ્યાસ પુરાતત્ત્વના અભ્યાસને અગત્યનો ઉપયોગી અને પૂરક થઈ પડે છે.

જૈન સાહિત્યની અગત્યતા ઉપર ઘણું દુર્લક્ષ અપાયું છે. બૌદ્ધ સાહિત્ય, ચીની મુસાફરોનાં બયાન વગેરેને આધારે પાશ્ચાત્ય વિદ્વાનોનું હિંદી પુરાતત્ત્વના ઇતિહાસમાં મુખ્યત્વે બૌદ્ધ સાહિત્ય અને કળા તરફ જ ધ્યાન વધુ ખેંચાયું. આથી આજે જે દૃષ્ટિએ આપણે હિંદી સંસ્કારિતા અને કળાનો અભ્યાસ કરતા આવ્યા છીએ તે દૃષ્ટિએ ખામી રહેલી છે.

સદ્ભાગ્યે આમાં છેલ્લા કેટલાંક વર્ષોથી સુધારો થયો છે. જૈન ચિત્રકળાના અભ્યાસ બાબતમાં ઘણાં વર્ષો ઉપર સદ્ગત ડૉ. કુમારસ્વામીએ ધ્યાન ખેંચેલું પણ શ્રી. સારાભાઈ નવાબે પ્રસિદ્ધ કરેલા પુસ્તકોએ છેલ્લાં પંદરેક વર્ષમાં જૈન ચિત્રકળાને પૂરતો ન્યાય આપી દીધો છે. ( જૈન ચિત્રકળા જેવી કોઈ ખાસ કળાશૈલી એવા અર્થમાં આ શબ્દપ્રયોગ નથી. પણ તત્કાલીન ભારતીય ચિત્રકળામાં જૈનોએ આપેલો વિશિષ્ટ ફાળો એ અર્થમાં આ લેવાનું છે. એવી જ રીતે જૈનશિલ્પ એ શબ્દપ્રયોગ પણ થશે ). જૈન શિલ્પકળા બાબતમાં પણ આ લેખકનો અભ્યાસ અને સંગ્રહ સૂચવે છે કે એના તરફ પણ યોગ્ય ધ્યાન આટલાં વર્ષોથી અપાયું નહોતું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી જ રીતે જૈન સાહિત્યમાં રહેલી સામગ્રીની વૈજ્ઞાનિક દૃષ્ટિએ છણાવટ પૂરતી થઈ નથી. આવા અભ્યાસમાં આગમ સાહિત્ય એ મુખ્ય છે. આગમ સાહિત્યને આનુષંગિક આપણે આગમોની નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ અને ટીકાઓ પણ આ અભ્યાસમાં સાથે જ ગણી લેવાની છે. આ રીતે બૌદ્ધ સાહિત્યનો ઠીક ઠીક અભ્યાસ થયો છે. જૈન આગમ સાહિત્યનો આ રીતે અભ્યાસ કરી પ્રસિદ્ધ કરવા માટે પ્રો. જગદીશચંદ્ર જૈનને અભિનંદન ઘટે છે.

લેખકે આ સાહિત્યનો ઘણો ઊંડો અભ્યાસ કર્યો છે અને એમના લખાણની વિશિષ્ટતા એ છે કે આધુનિક બીજા વિદ્વાનોના અભ્યાસપૂર્ણ ગ્રંથ કે લેખોનો પણ સાથે જ અભ્યાસ કરવો તેઓ ચૂક્યા નથી. વળી બૌદ્ધ અને બ્રાહ્મણ સાહિત્યના આવા અભ્યાસમાં મળતી એવી જ બાબતોની જૈન સાહિત્યના પૂરાવાઓ સાથે સરખામણી કરી બતાવી છે. પ્રસ્તુત પુસ્તકની શૈલી સરળ અને સુંદર હોવાથી પુસ્તક બધું આકર્ષક બને છે. જો કે પ્રસિદ્ધ-કર્તાએ કિંમત ઘણી વધારે રાખી છે છતાં એમાં જે ભારોભાર હકીકત એકઠી થયેલી છે તેથી આપણો કિંમત બાબતનો અસંતોષ નરમ બને છે. (તારાપોરવાળા અને ન્યુબુક કંપનીનાં પ્રકાશનો ઘણાં મોંઘા જોવામાં આવ્યાં છે.)

પ્રસ્તુત ગ્રંથ વિષે વધુ વિવેચન કરતાં પહેલાં એક અગત્યની બાબતનો નિર્દેશ કરી લઉં. આખોયે અભ્યાસ આગમોની પ્રસિદ્ધ આવૃત્તિઓ ઉપરથી છે. જો કે અપ્રસિદ્ધ એવા કેટલાક ગ્રન્થોનો ઉપયોગ થયેલો છે પણ જ્યાં ગ્રંથ પ્રસિદ્ધ થયેલો હોય ત્યાં છપાયેલાં પુસ્તકનો જ આધાર લેવાયો છે. હવે જૈન આગમ સાહિત્યની આવૃત્તિઓ વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંશોધિત નથી. એની ભાષાની દૃષ્ટિએ બરોબર છણાવટ થયેલી નથી. આ એક એવી મોટી ખામી છે જે હજુ સુધી સહુ કોઈને આગમ સાહિત્યના આધારે કોઈ વિષયમાં પૂરાવા રજુ કરતાં કે સમયનિર્ણયો કરતાં ખચકાવે છે. આ એક એવી ખામી છે કે જેને લીધે આધુનિક વિદ્વાનો આ સાહિત્ય તરફ ખેંચાતા નથી.

આથી જ, જૈન સંસ્થાઓ, દાનપતિઓ વગેરેની ફરજ છે કે આ સાહિત્યની Critical editions સંશોધન આવૃત્તિઓ વહેલી તકે છપાવવી અને એમાં વિદ્વાનોના હાથે પ્રત્યેક ગ્રન્થની દરેક બાબતોની વૈજ્ઞાનિક દૃષ્ટિએ છણાવટ કરતી પ્રસ્તાવનાઓ હોવી જોઈએ. સદ્ભાગ્યે મુનિ શ્રીપુણ્યવિજયજીએ આ કાર્ય છેલ્લા કેટલાંક વર્ષોથી હાથ લીધું છે. આશા છે કે જૈન સમાજ એમને આ કાર્યમાં ખૂબ સહકાર આપશે અને જૈન વિદ્વાનોનો પણ પૂરો સાથ મળશે. ઉપલબ્ધ આગમોનો Chronological order નવી દૃષ્ટિએ નિર્ણીત કરવાનો પ્રયાસ થવો જોઈએ. જેમ કે આચારાંગના એક વિભાગને સહુથી જૂનો ગણવામાં આવે છે. આવા પ્રયાસોના પરિણામે પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસમાં જૈન સાહિત્યનો અભ્યાસ કરવાની રહેલી ખામી દૂર થઈ જશે. આ ટૂંક લેખમાં એની અગત્યતા લંબાણથી દર્શાવી શકાય તેમ નથી. આ બાબતમાં પ્રસ્તુત ગ્રન્થમાં પ્રો. જૈને પૃ. ૩૬-૪૩ ઉપર નોંધેલી બાબતો જોઈ જવા ભલામણ છે.[૧]

---

૧ જુઓ પૃ. ૪૩ ઉપર "The age of every part of the Jaina Sutras should be judged on its own merits with the help of other literature."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રો. જૈનના ગ્રન્થની વિશિષ્ટતાઓમાં એક એ છે કે તેમાં એક સુંદર Bibliography ( આધારભૂત ગ્રન્થોની સૂચી ) આપેલી છે.

પ્રસ્તુત ગ્રન્થને છ વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છેઃ (૧) જૈન સંઘ અને જૈન આગમ સાહિત્યનું ઐતિહાસિક દૃષ્ટિએ વિહંગાવલોકન કર્યું છે. (૨) પ્રાચીન ભારતીય રાજયવ્યવસ્થા (૩) પ્રાચીન ભારતીય આર્થિકવ્યવસ્થા (૪) સામાજિકજીવન (૫) જૈન આગમોમાં મળતી ભૌગોલિક અભ્યાસની સામગ્રી (૬) કેટલાક મુખ્ય મુખ્ય રાજાઓ અને રાજવંશાવલિઓ.

જૈન સાહિત્યમાંથી વીણી વીણીને એકઠી કરેલી આ હકીકત જૈન અને અજૈન-બંને વિદ્વાનોને અગત્યની છે અને પ્રસ્તુત ગ્રંથનું સરળ હિંદી કે ગુજરાતી ભાષાંતર જલદીથી સસ્તું છપાય એ યોગ્ય જ ગણાશે.

પ્રસ્તુત ગ્રન્થમાં કેટલીક ખામીઓ પણ છેઃ આગમો, ભાષ્યો, ચૂર્ણિઓ ટીકાઓ બધાં એક સમયનાં નથી. તેથી પ્રત્યેક વિષયની માહિતી એકઠી કરતી વખતે ઐતિહાસિક દૃષ્ટિ ઉપર વધુ ભાર દેવાયો હોત તો ઠીક થાત. જૈન સાહિત્યમાં ઉપદેશાત્મક અને લોકવાર્તારૂપ જે પ્રસંગો અને લખાણો હોય તેની ઐતિહાસિક દૃષ્ટિએ પૂર્ણ વિચાર કર્યા વિના આધારભૂત પ્રાચીન હકીકત તરીકે એકઠી કરતાં ડરવું જોઈએ. કેટલીક નાની બાબતો એવી છે કે જે બાબતોમાં એમણે રજૂ કરેલાં મન્તવ્યો જૂનાં અને હવે સ્વીકાર્ય નહિ એવાં છે. દા. તરીકે પૃ. ૧૨૦ પરની નોંધમાં કહાપણ ( કાર્ષાપણ ) બાબતની હકીકત હવે સ્વીકાર્ય નથી. પૃ. ૯૧ ઉપરની નોંધમાં પુંડ્રદેશ અને કજ્જેલક બાબતની હકીકત પણ વિશ્વસનીય ગણાતી નથી. કેટલીક અગત્યની હકીકતો ઉમેરી શકાત જેવી કે આચારાંગ સૂત્ર. ૨, ૫, ૧. માં જૂદી જૂદી બનાવટનાં વસ્ત્રોની યાદી છે જે અગત્યની છે તે પૃ. ૯૭ ઉપર ઉમેરી શકાત.

સ્તૂપ અને ચૈત્યના આગમગત વર્ણનો વિસ્તારથી બતાવવા જેવાં હતાં. પૃ. ૧૮૭થી પૃ. ૧૯૧ ઉપર architechire એ વિષય નીચે) ડો. મોતીચંદે શોધી કાઢ્યું છે તે મુજબ મથુરાના સ્તૂપના અવશેષોનો રાયપસેણીયના વર્ણનો સાથે અભ્યાસ કરવાથી જૈન સ્તૂપનો હૂબહૂ ખ્યાલ આપણને આવી શકે છે. વળી પ્રાચીન ભારતીય Symbols ને આપણે જે સંજ્ઞાઓથી ઓળખતા આવ્યા છીએ તેને આ સાહિત્યની મદદથી બદલવી જોઈએ, જેવી કે Taurine symbols ને નંદીપદ તરીકે ઓળખવો જોઈએ. કેટલીક નવી સંજ્ઞાઓ મળે છે. જેવી કેઃ તિલકરત્ન, મહાપુંડરીક વગેરે.

આ ગ્રન્થમાંથી ગુજરાતના ઇતિહાસ અને સભ્યતાના અભ્યાસકો સહેલાઈથી ગુજરાત, તેના શહેરો વગેરે બાબતોની હકીકત તારવી શકે છે. આ રીતે આ પુસ્તક જુદા જુદા વિષયના અભ્યાસકોને ઉપકારક થઈ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રીએટા તીર્થની યાત્રાએ

[ નૂતન યુગના એક નવા તીર્થની પુણ્યમયી સ્મૃતિ ]

લેખકઃ—**પૂજ્ય મુનિમહારાજ શ્રીચંદ્રપ્રભવિજયજી—પાટણ**

**જ્યારથી** અમે બનાસ કાંઠામાં પ્રવેશ કર્યો ત્યારથી અવારનવાર સર્વ કોઈ જૈન તેમજ જૈનેતર પાસેથી સાંભળવામાં આવતું કે, શ્રીએટા તીર્થ બહુ જ પ્રભાવશાળી છે. ત્યારથી ભાવના જાગૃત થઈ કે, એક વખત તો જરૂર એ તીર્થને ભેટવા જવું. એ ભાવનાના પરિબલે ગત (વિ. સં. ૨૦૦૫) પોષ કૃષ્ણ દ્વિતીયાના દિવસે પરમપૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીરવિવિજયજી આદિ ઠા. ૫. અમે મંગલ પ્રભાતે કુવાલા નગરથી વિહાર કરીને કુવાલાથી ત્રણ ગાઉ દૂર બલોધણ ગામે દશેકના સુમારે આવી પહોંચ્યા. ત્યાંનાં ખંડિયેરો, પ્રાચીન કૂવા, તળાવ અને છૂટક-તુટક પડેલી ઈંટો, સ્તંભાદિ પરથી જણાયું કે—આ ગામ આગળના જમાનામાં એકાદ મોટી પ્રાચીન નગરી હશે. ત્યાં કુવાલાના ભાઈ ભોગીલાલ ગાંધી અને રાધનપુરના ભાઈ કાન્તિલાલ તથા બીજું એક જૈન ઘર છે. ભાવનાશીલ, ભક્તિવાન અને શ્રદ્ધાલુ છે. બાકી બીજી વસ્તી આશરે પાંચસેકની હશે. અમે અહીંથી બારેકના સુમારે એટાનો માર્ગ ગ્રહણ કર્યો. માર્ગમાં વિવિધ જાતનાં ઝાડો, નાની વનસ્પતિઓ અને ઝાંખરાંઓ તથા કચ્છ પ્રદેશ ત્યાંથી નજીક હોવાના કારણે કંઈક ધૂલ (રેતી)ના નાના પર્વતની ટેકરીઓની સ્મૃતિ થઈ આવી. એવાં મનોરમ દૃશ્યો નિહાળતાં ત્રણેક વાગ્યાના સુમારે શ્રીએટાના પાદરમાં આવી પહોંચ્યા. ચારે બાજુએ ઝીણી નજરે નિહાળતાં નાના-મોટા ઈંટોના જ્યાં ત્યાં ઢગ, નાની-મોટી મકાનોની લાઈન જેવી ખાઈઓ અને એવી જ સ્થિતિ સૂચવતા વિશાલ તળાવના કિનારા ઉપર નાની-મોટી વાવડી-કૂઈઓ, મહાદેવ, હનુમાન અને અન્ય દેવ-દેવીઓના ગોખલાઓ, દેરીઓ, ઓટલાઓ અને દેરાંઓ વગેરેથી આ ગામ ઘણું પ્રાચીન હોવાનું જણાયું. ગામમાં પ્રવેશ કરતાં શહેરની જેમ જુદી જુદી ચાલીઓ જેવા જાતિવાર વાસોની શેરીઓ હતી. ત્યાં આવતા-જતા માણસોને પૂછ્યું કે, મહાજનનાં ઘર કઈ કોર છે? તેમજ જૈન દેરાસર ક્યાં છે? ત્યારે જવાબ મળ્યો કે, મહાજન? જૈનોનાં ઘરો તો બ્રાહ્મણવાસમાં છે, અને જે ભગવાન નીકળેલા છે, તે અહીંના જાગીરદાર બ્રાહ્મણને ત્યાં પરશાળમાં પધરાવેલા છે.

અમે સૌ ત્યાંના જાગીરદારના વાસમાં ગયા. ચારે બાજુએ માટીની ભીંત ને વચ્ચે એક ઓરડી હતી. ઓરડીમાં સીમેન્ટની લાદીની મધ્યમાં કાનપુરી વિવિધરંગી કાચની લાદીથી જડેલું સામાન્ય રીતે સુંદર ને સુશોભિત, ત્રણ ભગવાનનો સારી રીતે સમાવેશ થઈ શકે એવું એક પબાસણ હતું. તેમાં પૂર્વદિશાભિમુખ વિરાજમાન પ્રથમ તીર્થપતિ શ્રીઆદિનાથ ભગવાનની મૂર્તિ હતી અને તેમની જમણી બાજુએ સોળમા તીર્થપતિ શ્રીશાન્તિનાથ ભગવાન તથા ડાબી કોર ભાભેર ગામથી આણેલી પંચતીર્થી ધાતુપ્રતિમા બિરાજેલાં જોયાં. એ પ્રશમરસનિમગ્ન મૂર્તિઓને જોતાં અમારા હૃદયમાં ઉલ્લાસ ને આનંદનાં પૂર વધ્યાં. અમે ભક્તિપૂર્વક વંદન કર્યાં અને ભગવાનની આજુબાજુમાં લેખની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝીણવટથી તપાસ કરવા માંડી ત્યારે મૂળનાયક શ્રીઆદીશ્વર પ્રભુની પછવાડે (પ્રાયઃ) બ્રાહ્મી લિપિમાં કોતરેલા થોડાક ત્રુટક અક્ષરો જોવામાં આવ્યા. કોઈ જાતના અર્થની સમજણ ન પડતાં અમે શ્રીશાન્તિનાથ ભગવાનની મૂર્તિ તરફ વળ્યા. તેના લેખનો— ખૂબ જ ઝીણવટભરી તપાસને અંતે વાવવાળા માસ્તર ભાઈ ચુનીલાલે જે ગત ૨૦૦૨ના અષાઢ માસમાં પોતાની કાળજીપૂર્વક ઉતારેલા લેખાનુસાર લેખ વાંચવા ભાગ્યશાલી થયા.

એ લેખ આ પ્રમાણે છે :

" श्री १५१९ वर्षे अषाढसुदि ९ सोमवार श्रीमालज्ञाति.........
श्रीशान्तिनाथबिम्बं कारितं प्रतिष्ठितं श्रीनागेन्द्रगच्छे श्रीपरमानन्दसूरि (शिष्य ?) श्रीविजयप्रभसूरि.........

અર્થાત્: સંવત ૧૫૧૯ અષાઢ સુદિ ૯ ને સોમવારે શ્રીમાલ જ્ઞાતિના કોઈ શ્રેષ્ઠીએ શ્રીશાંતિનાથ ભગવાનની મૂર્તિ કરાવી અને તેની શ્રીનાગેન્દ્રગચ્છના આચાર્ય શ્રીપદ્માનંદસૂરિના શિષ્ય શ્રીવિજયપ્રભસૂરિએ પ્રતિષ્ઠા કરી.

અહીંથી નીકળીને અમે થાક્યા પાક્યા જૈનોના ઘરવાળા વાસમાં ગયા અને એક બ્રાહ્મણ ભાઈના ડેલામાં ઉતારો કર્યો. એટલામાં તો ત્યાંના શ્રાવક ભાઈઓ આવી પહોંચ્યા. ત્યાંની પ્રાચીન માહિતી વિશે થોડી ઘણી વાતો કર્યા પછી ગોચરી વહોરી લાવ્યા. એ કાર્ય પતાવીને અમે પુનઃ દાદાના દર્શને ગયા. પાછા બીજી સવારે ત્રીજી વખત દર્શનાદિ કરીને ત્યાંથી બલોધણ આવ્યા અને સાંજે પાંચેક વાગ્યાના સુમારે કુવાલા નગરે આવી પહોંચ્યા.

## દેરાસર ક્યાં રાખવું જોઈએ ?

આ ગામ એક તો નાનું છે. શ્રાવકોનાં ઘર પૂરતાં છે નહીં; અલબત્ત તેઓની ભાવના ભક્તિ ને શ્રદ્ધા પ્રશંસનીય ને આદરણીય છે. પણ તેથી તેઓએ ત્યાં જ દેરાસર બંધાવવા ભાવના સેવવી એ અત્યારના તબક્કે સંપૂર્ણતઃ જોખમભર્યું કાર્ય છે. વસ્તુતઃ તેઓએ દર્શનાદિ માટે જરૂર ધાતુની પંચતીર્થી, સિદ્ધચક્રજી વગેરે રાખવા જોઈએ અને ઋષભદેવાદિ નીકળેલ પ્રતિમાઓ છે તે કુવાલા યા ભાભેરના દેરાસરોમાં અગર તો બીજા કોઈ સુરક્ષિત સ્થળે પધરાવવી એ સ્વ–પરને કલ્યાણકારી માર્ગ છે, એમ અમારું માનવું છે.

## શા માટે એટામાં મંદિર ન બંધાવવું ?

આ બાજુ મોટી એક મુશ્કેલી છે મુસ્લિમ જાતિની. તે લોકોનું મુખ્ય કેન્દ્ર સ્થાન પાકિસ્તાન અહીંથી સાવ નજીક હોવાથી અવારનવાર તે લોકો હુમલાઓ કરે છે, અને ગામ લૂંટે છે, વટલાવે છે અને મારી પણ નાખે છે. એ કારણે એક વસ્તુ હોય તેને સાચવવી એ જરૂરી છે. પણ હાથે કરીને નવી વસ્તુઓનું સર્જન કરવું અને છેવટે વિનાશ થાય તો જૈન સમાજના માનવોની દીર્ઘદષ્ટિની અવહેલના થાય એમ અમને લાગે છે. કારણકે વર્તમાન સમયને ધ્યાનમાં રાખવો જ રહ્યો. આથી મારો તો અતિ નમ્ર આગ્રહ છે કે નવા દેરાસરો (શિખરબંધી) આવા ભયવાળા સ્થાનોની નજીક હાલ તરત ન બંધાવવાં એ સંસ્કૃતિના ગૌરવને સાચવવા જેવું છે. ઘર દેરાસરોમાં ભય 'ઝાઝું' નુકશાન કરી ન શકે એ સહજ સમજાય એવી બીના છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ‘મહેશ્વર’ નામક સૂરિઓ

## લેખાંક ૨ : સમાન નામક મુનિવરો

લેખક–પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

“‘શાન્તિ’ નામક સૂરિઓ” એ લેખના અંતમાં મેં સૂચવ્યું હતું તેમ આજે “સમાન નામક મુનિવરો” નામની લેખમાળાના બીજા લેખાંક તરીકે હું આ લેખ લખું છું, અને હવે પછી ત્રીજા લેખાંક તરીકે ‘મહેન્દ્ર નામક સૂરિઓ’ લખવા વિચાર રાખું છું, કેમકે ‘મહેશ્વર’ અને મહેન્દ્ર’ એ બે નામો ગોટાળો ઉત્પન્ન કરે એવાં છે.

**અર્થ**–‘મહેશ્વર’ એ સંસ્કૃત શબ્દ છે આને માટેનો પાઇય શબ્દ ‘મહેસર’ છે. એ ચાર અર્થમાં જૈન સાહિત્યમાં વપરાયો છેઃ જેમકે (૧) વિમલસૂરિકૃત **પઉમચરિય** (૭૫, ૬૪)માં મહાદેવ યાને શિવના અર્થમાં, (૨) ઉપર્યુક્ત પઉમચરિય (૧૦૯, ૧૨)માં જિનદેવ યાને અરિહંતના અર્થમાં, (૩) ‘શ્રીમન્ત’ એ અર્થમાં અને (૪) ભૂતવાદિ દેવોના ઉત્તર દિશાના ઇન્દ્રના નામના અર્થમાં.

સિંહસેન ઉર્ફે રઇધુએ “અપભ્રંશ” ભાષામાં **મહેસરચરિય** રચ્યું છે. એ સિવાય કોઇ ‘મહેસર’ કે ‘મહેશ્વર એ શબ્દથી શરૂ થતી જૈન કૃતિ હોય તો તે જાણવામાં નથી જેમ ‘મહેન્દ્ર’ નામના અનેક સૂરિઓ થયા છે તેમ ‘મહેશ્વર’ નામના પણ અગિયારેક સૂરિઓ તો થયા છે.

**(૧) સજ્જનના શિષ્ય**—પાઇય ભાષામાં **નાણપંચમીકહા** (જ્ઞાનપંચમી કથા) રચાઇ છે. એના કર્તાનું નામ **મહેશ્વરસૂરિ** છે. એમણે આ જ્ઞાનપંચમીકથાના અંતમાં કહ્યું છે તેમ એમના ગુરૂ **સજ્જન** ઉપાધ્યાય છે. આ કૃતિની એક તાડપત્રીય પોથી વિ. સં. ૧૦૦૯માં લખાયેલી છે, અને એક વિ. સં. ૧૩૧૩માં લખાઇ છે, (જુઓ જૈ. સા. સં. ઇ; પૃ. ૪૦૮) આ કૃતિના અંતમાં ભવિસ્સયત્તકહા, નામની દસમી કથા એટલે **જૈન ગ્રન્થાવલી** (પૃ. ૨૫૬) માં **ભવિષ્યદત્તાખ્યાન** કે **ભવિષ્યદત્તાખ્યાન**ના કર્તા તરીકે જે **મહેશ્વરસૂરિ**નો ઉલ્લેખ છે તે આ જ છે અને એ કથા તે ઉપર્યુક્ત દસમી કથાવાળી **નાણપંચમીકહા** છે[1]. આ કથાના કર્તા તરીકે મહેન્દ્રસૂરિનો ઉલ્લેખ છે, તે મહેશ્વરસૂરિ જોઇએ એમ લાગે છે.

**(૨) સંજમમંજરીના પ્રણેતા**—“અપભ્રંશ”માં ૩૫ ગાથામાં **સંજમમંજરી** રચનારનું નામ **મહેશ્વરસૂરિ** છે. જૈ. સા. સં. ઇ. (પૃ. ૧૮૮)માં આ **મહેશ્વરસૂરિ** પ્રાયઃ ઉપર્યુક્ત **મહેશ્વરસૂરિ** હોય એવો ઉલ્લેખ છે, પણ એમ માનવા કે ન માનવા માટે કોઇ સબળ પ્રમાણ મારા ખ્યાલમાં અત્યારે તો નથી.

**સંજમમંજરી**ના કર્તા વિક્રમની અગિયારમી સદીમાં થઇ ગયા એમ જૈ. સા. સં. ઇ. (પૃ. ૩૩૧)માં કહ્યું છે, પણ એ માટે કોઈ આધાર દર્શાવાયો જણાતો નથી.

---

૧. જુઓ “જ્ઞાનપંચમીકથા”ની પ્રસ્તાવના (પૃ. ૮). આ કૃતિ થોડા વખત ઉપર સિંઘી જૈન ગ્રન્થમાળાના ૨૫મા ગ્રન્થાંક તરીકે પ્રસિદ્ધ થઇ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંજમમંજરી ઉપર પૂર્ણચન્દ્રસૂરિના શિષ્ય હેમહંસસૂરિના શિષ્યે પાઇય અને સંસ્કૃત કથાઓથી સમૃદ્ધ એવી વૃત્તિ રચી છે. નવાઈની વાત એ છે કે આ વૃત્તિકાર મૂળ લેખકનું નામ ન જણાવતાં એને 'પ્રકરણકાર' કહે છે.

(૩) સુખપ્રબોધિનીના કર્તા—આવસ્સયસત્તરિ યાને પડિક્કમણસત્તરિ નામની ૭૦ ગાથાની એક પાઇય કૃતિ મુનિચન્દ્રસૂરિએ રચી છે.[૧] એના ઉપર[૨] વાદી દેવસૂરિના શિષ્ય મહેશ્વરસૂરિએ સુખપ્રબોધિની નામની વૃત્તિ રચી છે અને એમાં એમને વજ્રસેન ગણિએ સહાય કરી છે. આ મહેશ્વરસૂરિનો સમય વિક્રમની તેરમી સદીનો લગભગ મધ્ય ભાગ છે, કેમકે વાદી દેવસૂરિના ગુરુ (ઉપર્યુક્ત) મુનિચન્દ્રસૂરિનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૭૮ માં થયો હતો.

(૪) કાલકાચાર્યકથાના કર્તા—'પલ્લીવાલ' ગચ્છના મહેશ્વરસૂરિએ પાઇયમાં બાવન ગાથામાં કાલકાચાર્યકથા રચી છે. એની એક હાથપોથી વિ. સં. ૧૩૬૫માં લખાયેલી છે.[૩] આ હિસાબે આ મહેશ્વરસૂરિ વિક્રમની ચૌદમી સદીના પ્રથમ ચરણ કરતાં તો મોડા નહિ થયા હોય એમ કહી શકાય.

(૫) વિચારરસાયનના રચયિતા—મહેશ્વર નામના એક સૂરિએ વિ. સં. ૧૫૭૩માં ૮૭ ગાથામાં વિચારરસાયન નામનું પ્રકરણ રચ્યું છે. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૫૧૮).

(૬) 'દેવાનન્દ' ગચ્છના મહેન્દ્રેશ્વરસૂરિ—જૈ. સા. સં. ઇ. (પૃ. ૬૦૬)માં સૂચવાયા મુજબ મહેશ્વરસૂરિના શિષ્યે વિ. સં. ૧૬૩૦માં કોઈ કૃતિ રચી છે.

(૭) [૪]શબ્દભેદપ્રકાશના રચનાર—લીંબડી ભંડારના સૂચીપત્ર (પૃ. ૧૪૦)માં શબ્દભેદપ્રકાશના રચનારા તરીકે મહેશ્વરસૂરિનો ઉલ્લેખ છે. આ કૃતિની એક હાથપોથી વિ. સં. ૧૬૪૪માં લખાયેલી છે.

(૮) [૫]શબ્દપ્રભેદના કર્તા—૨૦૦ શ્લોક જેવડો શબ્દભેદ મહેશ્વરસૂરિએ રચ્યો છે એમ લીં. ભં.ના સૂચીપત્ર (પૃ. ૧૪૦) ઉપરથી જણાય છે.

(૯) વર્ધમાનસૂરિના શિષ્ય—જૈન ગ્રન્થાવલી (પૃ. ૧૩૬) પ્રમાણે વર્ધમાનસૂરિના શિષ્ય મહેશ્વરસૂરિએ ૧૨૩ ગાથામાં સિદ્ધાન્તોદ્ધારપ્રકરણ રચ્યું છે. આ નામ ઉપરથી 'જૈ. સા. સં. ઇ. (પૃ. ૨૭૬)માં વિમલસૂરિના શિષ્ય ચન્દ્રકીર્તિગણિએ સિદ્ધાન્તવિચાર યાને સિદ્ધાન્તોદ્ધાર રચ્યો છે.' એ હકીકત સ્ફુરે છે.

(૧૦) [૬]લિંગભેદના કર્તા—જૈન ગ્રન્થાવલી (પૃ ૩૧૨) પ્રમાણે મહેશ્વર નામના સૂરિએ લિંગભેદની રચના કરી છે.

(૧૧) [૭]વિશ્વકોષના કર્તા—જૈન ગ્રન્થાવલી (પૃ. ૩૧૪)માં સૂચવાયા મુજબ મહેશ્વર નામના એક સૂરિએ વિશ્વકોષ રચ્યો છે.

---

૧. જુઓ ઉપદેશરત્નાકરની મારી "ભૂમિકા" (પૃ. ૬૭).

૨. એમના શિષ્ય મહેન્દ્રસૂરિના શિષ્ય પ્રદ્યુમ્નસૂરિએ વાદસ્થલ નામનો ગ્રન્થ રચ્યો છે.

૩. જુઓ જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૩૧).

૪–૭ આ ચારે કૃતિના કર્તા "મહેશ્વરસૂરિઓ અર્વાચીન દેખાય છે." એમ ઉપર્યુક્ત પ્રસ્તાવના (પૃ. ૯)માં ઉલ્લેખ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તો જૈ. ગ્રંથાવલી, લીં. ભં.નું સૂચીપત્ર તેમજ જૈ. સા. સં. ઈ. એ ત્રણના આધારે જે માહિતી હું એકત્રિત કરી શક્યો છું. અને જે નાણપંચમી કહાની [૧]પ્રસ્તાવના (પૃ. ૭–૯)માં આ પૂર્વે રજૂ થઈ છે તે ઉપરથી અગિયાર મહેશ્વરસૂરિઓ થયા હશે એમ આપણે કહી શકીએ, પરંતુ પ્રતિમાઓને અંગેના લેખસંગ્રહો તપાસવાનું કાર્ય ઉપર્યુક્ત પ્રસ્તાવનાકારે કર્યું નથી તો એ દિશામાં હું પૂર્ણ પ્રયાસ કરવાની અભિલાષા રાખું છું પરંતુ હાલ તો એક જ બાબત નોંધી વિરમીશ.

'કામ્યક'ગચ્છના મહેશ્વરસૂરિ—પ્રાચીન જૈન લેખસંગ્રહ (ભા. ૨)ના લેખાંક ૫૪૪માં એ નોંધ છે કે વિ. સં. ૧૧૦૦માં 'નિવર્તક' કુળના 'કામ્યક' ગચ્છના વિષ્ણુસૂરિના પટ્ટધર મહેશ્વરસૂરિ કે જેઓ શ્વેતાંબર સંપ્રદાયના અગ્રણી હતા તેઓ સ્વર્ગે ગયા. આ લેખાંક સાધુ સર્વદેવદ્વારા ઉત્કીર્ણ થયેલો છે.

૧ મેં એકત્રિત કરેલી માહિતીને લેખરૂપે રજૂ કરવાની પ્રેરણા આપવામાં અને એને ચકાસી જોવામાં આ પ્રસ્તાવના મને ઉપયોગી થઈ પડી છે. અને એ માટે હું એના લેખક અને પ્રકાશકનો આભારી છું.

---

[ અનુસંધાન : પૃષ્ઠ ૧૩૨ થી ચાલુ ]

વિચાર કરતાં ઉપરનું વર્ણન મળે ભેતરે તેવું છે એટલું જ નહીં પણ નવી રાજધાની વસાવવા સારુ સંગીન કારણસૂચક છે. બીજી. નોંધમાં પર્શિયન મહારાજ્યમાં જ્યારે ડેરીયસનું રાજ્ય ચાલતું હતું ત્યારે ભારતવર્ષમાં બિંબિસાર અને અજાતશત્રુ થયા; અર્થાત્ તેઓ એના સમકાલીન હતા એ વાત દર્શાવી છે.

જૈન સાહિત્યમાં શ્રેણિક ઉર્ફે બિંબિસારના રાજ્યકાળમાં ભારતવર્ષની બહાર આર્દ્રક રાજાના કુંવર માટે મંત્રીશ્વર અભયકુમારે મોકલેલી અપૂર્વ ભેટ અને એ જોયા પછી આર્દ્રક કુંવરનું ભારતવર્ષમાં આવવું, પ્રાંતે સાધુ બનવું આદિ વૃત્તાંત નોંધાયેલ છે. ઉભય રાજવીઓ વચ્ચે મિત્રતા હતી એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. ઇતિહાસકારોની શોધ મુજબ આજનું એડન એ પૂર્વકાળનું આર્દ્રકનગર. ઈરાની અખાત ઈરાન ઉર્ફે પર્શિયા–જળમાર્ગે વાણિજ્યનો સંબંધ. એ બધું વિચારતાં ઇતિહાસકારની વાતના અંકોડા જોડવામાં ઝાઝી મુશ્કેલી નડે તેમ નથી. ત્યાગી શ્રમણોએ રસ જમાવવા છૂટ લીધી હશે પણ સાવ કલ્પિત વાતો જોડી નથી દીધી એ ઉપરના પુરાવાથી સ્પષ્ટ સમજાય છે. એ અંગે વધુ વાત હવે પછી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોમેશ્વરકૃત 'કીર્તિકૌમુદી'

લેખક: અધ્યાપક શ્રીયુત ભોગીલાલ સાંડેસરા એમ. એ.

श्रिये सन्तु सतामेते, चिरं चातुर्भुजा भुजाः ।
यामिका इव धर्मस्य, चत्वारः स्फुरदायुधाः ॥
कुर्वन् गिरिभुवि क्रीडां, हृष्टोन्नतपयोधरः ।
उल्लसच्चन्द्रकः प्रीतिं, नीलकण्ठः करोतु वः ॥
सरस्वतीं सदा वन्दे, यदुपास्ति समुच्छ्रिताः ।
काव्यानि कुसुमानीव, सुवते कविपादपाः ॥
वन्द्यास्ते कवयो येषां, सूक्तिसौरभवासिता ।
कृतत्रिजगदाह्लादं, कीर्तिः भ्रमति भूभुजाम् ॥

આ પ્રમાણે ચતુર્ભુજ વિષ્ણુ, નીલકંઠ શિવ, કવિઓ ઉપર અનુગ્રહ કરનાર સરસ્વતી અને રાજાઓની કીર્તિને ત્રિલોકમાં ફેલાવનાર કવિઓની સ્તુતિ કરીને સોમેશ્વર કવિ 'કીર્તિકૌમુદી'નો પ્રારંભ કરે છે. 'કીર્તિકૌમુદી' એ ગુજરાતના મહામંત્રી વસ્તુપાલનું પ્રશસ્તિરૂપ મહાકાવ્ય છે. એના કર્તા સોમેશ્વરદેવ વસ્તુપાલનો ઈષ્ટ મિત્ર હતો તેમ ગુજરાતના ચૌલુક્ય રાજ્યકર્તાઓનો વંશપરંપરાગત પુરોહિત હતો. એટલે 'કીર્તિકૌમુદી' એ સંસ્કૃત કાવ્યશાસ્ત્રને અનુસરતું એક સુન્દર મહાકાવ્ય હોવા ઉપરાંત વસ્તુપાલ જેવા એક સુપ્રસિદ્ધ સમકાલીન રાજપુરુષ, નામાંકિત સેનાપતિ, ગણનાપાત્ર વિદ્યોપાસક, દાનેશ્વરી અને આબુ તથા ગિરનાર ઉપરનાં મન્દિરો બંધાવનાર વિખ્યાત કલાપ્રેમીના જીવન પ્રસંગનું કાવ્યમય નિરૂપણ કરતી એક ઐતિહાસિક કૃતિ પણ બની રહે છે.

મંગલાચરણ, પછી ગ્રન્થકર્તા સોમેશ્વર પોતે વસ્તુપાલના જીવનનું નિરૂપણ કરવા શાથી પ્રેરાયો એ સૂચવતાં કહે છેઃ

कुलमुज्ज्वलमाकारं, चारुमाचारमुत्तमम् ।
दानं सम्मानसंपन्नमुन्नतिं नमिताहिताम् ॥
प्रज्ञामाङ्गिरसावज्ञां, दयां भग्नभयोदयाम् ।
श्लोकं भूषितभूलोकं, मन्त्रितां न्याययन्त्रिताम् ॥
विलोक्य वस्तुपालस्य, भक्तिं चात्मनि निर्भराम् ।
श्रीसोमेश्वरदेवेन, तत्स्वरूपं निरूप्यते ॥

વસ્તુપાલનું ઉજ્જવલ કુલ, સુન્દર આકાર, ઉત્તમ આચાર, સન્માનયુક્ત દાન, શત્રુઓને વશ કરવાનું પરાક્રમ, અંગિરા કરતાં પણ ચઢિયાતી બુદ્ધિ, સંસાર બંધનનો નાશ કરનારી દયા, ભૂલોકના ભૂષણરૂપ કીર્તિ, ન્યાયસંગત મંત્રીપણું તથા પોતાને વિષે અપૂર્વ ભક્તિ જોઈને સોમેશ્વરદેવ એનું જીવન નિરૂપે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પછી ગુર્જરેશ્વરના પાટનગર અને વસ્તુપાલના વતન અણહિલવાડ પાટણનું, એના વિશાળ ગોપુરોનું, ભવ્ય કિલ્લાનું, સુન્દર ઉદ્યાનોનું અને લાવણ્યમયી સુન્દરીઓનું વર્ણન કરે છે.

अस्ति हस्तिमदक्लेदविराजद् गोपुरं पुरम् ।
अणहिल्लपुरं नाम, धाम श्रेयःश्रियामिह ॥
कृतहारानुकारेण, प्राकारेण चकास्ति यत् ।
सुकृतेन वृतीभूय, त्रायमाणं कलेरिव ॥
अनेकानोकहच्छन्ना, प्रत्यासन्ना वनावलिः ।
यत्रोन्नतस्य वप्रस्य, छायेव प्रतिभासते ॥
चन्द्रशालासु बालानां, खेलन्तीनां निशामुखे ।
यत्र वक्त्रश्रिया भाति, शतचन्द्रं नभस्तलम् ॥

અને સહસ્રલિંગ સરોવરના કિનારે ઊભેલા સિદ્ધરાજના સફેદ કીર્તિસ્તંભની તુલના આકાશગંગાના પ્રવાહ સાથે કરે છે.

यस्योच्चैः सरसस्तीरे, राजते रजतोज्ज्वलः ।
कीर्त्तिस्तम्भो नभोगङ्गाप्रवाहोऽवतरन्निव ॥

પછી કવિએ મૂળરાજથી માંડી ચૌલુક્ય વંશના રાજાઓનો ઇતિહાસ આપ્યો છે. અને એમાં વસ્તુપાલ-તેજપાલ જેવા મંત્રીઓ હતા તે ધોળકાના મંડલેશ્વરો લવણપ્રસાદ અને વીરધવલના સમય સુધી તે આવી પહોંચે છે. એ સમયે પાટણના સમ્રાટપદે ભોળો ભીમદેવ હતો. એ નબળા રાજાનું રાજ્ય એના લુચ્ચા સામંતોની બેવફાઈને કારણે છિન્નભિન્ન થઈ ગયું હતું અને સોલંકીઓની કીર્તિ વિલુપ્ત થવાની અણી ઉપર હતી. એ કપરા સમયમાં લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલે વસ્તુપાલ-તેજપાલની સહાયથી ગુર્જર દેશની રાજ્યલક્ષ્મીને નિર્ભય બનાવી હતી. 'કીર્તિકૌમુદી'ના કર્તા પુરોહિત સોમેશ્વરને એક સવારે બોલાવીને લવણપ્રસાદ કહે છેઃ "આજ રાત્રે મને સ્વપ્ન આવ્યું એમાં જાણે કે હું ત્રિપુરારિ શિવના કૈલાસપર્વત ઉપર ગયો. ત્યાં શિવની પૂજા કરીને જ્યાં હું ધ્યાન ધરવા જાઉં છું. ત્યાં શ્વેતવર્ણ અને શ્વેત વસ્ત્રવાળી કોઈ યુવતિ મારા જોવામાં આવી."

विसृज्य पूजामथमन्मथारेः, समाधिमुद्रां विदधामि यावत् ।
तावत् पुनः कामपि वामनेत्रां, राकामिवाकारवतीमपश्यम् ॥
श्वेतांशुतुल्यं वदनं वहन्तीं, श्वेतांशुकां श्वेतविलेपनां ताम् ।
श्वेतां कराग्रे दधती च मालामालोक्य बालामतिविस्मितोऽस्मि ॥

મેં તેને પૂછ્યું 'હે કલ્યાણિ! તું કોણ છે? કોની છે? અને અહીં કેમ આવી છે?' ત્યારે તેણે ઉત્તર આપ્યો કે 'હે વીર! શત્રુઓના સમૂહથી ત્રાસેલી હું ગુર્જર રાજલક્ષ્મી છું. એ ગુર્જરેન્દ્રો સ્વર્ગે સંચર્યા છે અને એ કુંજરેન્દ્રો શત્રુઓથી મરાયા છે. જેમના બળવાન બાહુઓ અને દંતુશળોમાં મારો નિવાસ હતો.

हे वीर ! वैरिध्वजिनीगजेन्द्रगण्डस्थलीमण्डनखण्डचण्ड !
प्रत्यर्थिसार्थेन कदर्थ्यमानां, जानीहि मां गुर्जरराजलक्ष्मीम् ॥
दिवं गतास्ते बत गुर्जरेन्द्रास्ते कुञ्जरेन्द्राश्च हताः सपत्नैः ।
येषां क्षमाभृद्दलनक्षमेषु, भुजेषु दन्तेषु च मे निवासः ॥

For Private And Personal Use Only

અત્યારે ચક્રવર્તિપદે છે તે ભીમદેવ બાળક હોઈ શત્રુઓનો પ્રતિકાર કરવાને સમર્થ નથી. મંત્રીઓ અને માંડલિકોમાં નથી કોઈ કાર્યક્રમ કે નથી પરાક્રમ. હું કે જે તેમના સ્વામીની સ્ત્રી છું, એની પણ તેઓ કામના કરે છે. એનો શો ઉપાય કરવો? આ આપત્તિમાંથી મારો ઉદ્ધાર કરે એવો કોઈ નથી. પુરોહિત આમશર્મા અને મંત્રી મુંજાલ મરણ પામ્યા છે. રાષ્ટ્રકૂટવંશનો પ્રતાપમલ્લ પણ નથી, જે ગંધહસ્તની જેમ શત્રુઓના હાથીની ગંધ પણ સહન કરી શકતો નહોતો. દૌવારિક જગદ્દેવ પણ નથી, જેની હાજરીમાં કોઈ શત્રુ ગુર્જરોના નગરમાં પ્રવેશ કરી શકતો નહોતો. વેદ સમુદ્રના પારંગત પુરોહિત કુમાર વિના ચૌલુક્યરાજની લક્ષ્મીને મારી સપત્ની કોણ બનાવશે?

> या मूलराजान्वयजातराजतेजोभिरासीद्विरजस्तमस्का ।
> निशागमे सांप्रतमुद्वसायां, तस्यां न दीपोऽपि नरेन्द्रपुर्याम् ॥
> निरन्तरं संचरतां गजानां, या डिण्डिमैरुड्डमरा ध्वनद्भिः ।
> एकाकिनी रात्रिषु गुर्जराणां, सा फूत्करोतीव शिवारुतैः पूः ॥
> क्रीडारतीनां नगराङ्गनानां, वक्त्रैः सदा यत्र सरोजसत्ता ।
> सरस्तदश्रूणि किरत्यनाथं, वातात्तपाम्भःकणकैतवेन ॥

"જે પાટણનગરી મૂલરાજના વંશમાં થયેલા રાજાઓના તેજથી દેદીપ્યમાન હતી તેમાં હવે રાત્રે દીવા પણ થતા નથી; નિરંતર હાથીનગારાથી જે શબ્દાયમાન રહેતી તેમાં રાત્રે શિયાળ રડતાં સંભળાય છે. ક્રીડા માટે આવેલી નગરસુંદરીઓના વદન વડે જે સહસ્રલિંગ સરોવર જાણે કે કમળોથી ભર્યું ભર્યું લાગતું તે પવનને લીધે ઊડતાં જલકણના મિષથી હવે અશ્રુ સારે છે. માટે સ્વચક્ર અને પરચક્રથી ત્રાસેલી એવી મારો, હે લવણપ્રસાદ! તું ઉદ્ધાર કર' એમ કહીને એક પુષ્પમાળા મારા કંઠમાં પહેરાવીને તે સુન્દરી અદૃશ્ય થઈ ગઈ, અને તેની સાથે મારી નિદ્રા પણ ચાલી ગઈ."

આ સ્વપ્નનું ફળ લવણપ્રસાદને સંભળાવતાં પુરોહિત સોમેશ્વરે કહ્યું, 'લક્ષ્મી પોતે તમને વરવા આવી છે તેનો સ્વીકાર કરો અને ગુર્જર ભૂમિનો ઉદ્ધાર કરો. આ ગુરુ કાર્યને માટે ઉત્તમ મંત્રીઓની સહાય જોઈએ. કેમકે બળવાન બાહુવાળા રાજાઓ લક્ષ્મી મેળવે છે ખરા, પણ મંત્રીઓ નીતિ વડે તેની વૃદ્ધિ કરે છે; સમુદ્ર રત્નો ઉત્પન્ન કરે છે પણ એનો સંસ્કાર મણિકાર કરે છે.'

લવણપ્રસાદે તુરત જ વસ્તુપાલ-તેજપાલને બોલાવીને તેમની પોતાના મંત્રી તરીકે નિમણૂંક કરી. એ સમયના પશ્ચિમ ભારતના સૌથી મોટા બંદર અને વેપારી મથક ખંભાતની હકુમત વસ્તુપાલને સોંપવામાં આવી. ખંભાત અને આસપાસના પ્રદેશમાં પ્રવર્તેલી લાંચરુશવતને સખત હાથે દાબી દઈને વસ્તુપાલે નબળા ને સબળું ખાઈ જાય એ પ્રકારના માત્સ્ય ન્યાયનો નાશ કર્યો. વહીવટ સુવ્યવસ્થિત કર્યો અને અનેક પ્રકારનાં લોકોપયોગી બાંધકામો કર્યાં. ચારે તરફ શાંતિ પ્રવર્તાવી. એવામાં દેવગિરિનો યાદવ રાજા સિંઘણ ગુજરાત ઉપર ચઢી આવ્યો. આ મોટા આક્રમણની વાત સાંભળી પ્રજામાં થયેલા ખળભળાટનું સમર્થ વર્ણન કવિ કરે છે.

> श्रुतसिंघनसिंहनादप्रसरा, गुर्जरराजराजधानी ।
> हरिणीव हरिन्मुखावलोकं, चकितान्तःकरणा मुहुश्चकार ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિંધનનો સિંહનાદ સાંભળી ગુર્જરરાજધાની ચકિત હૃદયથી હરિણીની જેમ ચારે દિશામાં જોવા લાગી.

કોઈ ઘર કરાવતું નહોતું, કોઈ ધાન્યનો સંગ્રહ કરતું નહોતું! પરચક્રની શંકાથી પ્રજાનું ચિત્ત ક્યાંય સ્થિર રહેતું નહોતું. ધાન્યનો સંગ્રહ રહેવા દઈને લોકો ગાડાં તૈયાર કરવા લાગ્યા. અનિવાર્ય વિપત્તિ આવે ત્યારે સુદર્શનધારી વિષ્ણુ જ દેહધારીઓનું શરણ છે. શત્રુ રાજાનું મહાસૈન્ય જેમ જેમ પાસે આવવા લાગ્યું તેમ તેમ ભયત્રસ્ત જનતા દૂર ને દૂર નાસવા લાગી.

गृहमारभते न कोऽपि कर्तुं, कुरुते कोऽपि न संग्रहं कणानाम् ।
स्थिरतां क्वचनापि नैति चेतः, परचक्रागमशङ्कया प्रजानाम् ॥
अवधीरितधान्यसंचयानां, बहुमानः शकटेषु मानवानाम् ।
विपदामुदये हि दुर्निवारे, शरणं चक्रभृदेव देहभाजाम् ॥
समुपैति यथा यथा समीपं, रिपुराजध्वजिनी महत्तदानीम् ।
परतः परतस्तथा तथासौ, जनता जातभयोच्छ्रया प्रयाति ॥

પણ લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલે પરાક્રમપૂર્વક સામનો કરીને સિંધન અને તેના મિત્રરાજાઓને પાછા વાળ્યા. એ પછી તુરત જ ભૃગુકચ્છનો રાજા શંખ ખંભાત બંદર ઉપર પોતાનો અધિકાર હોવાનો દાવો કરતો ચઢી આવ્યો. શંખ અને વસ્તુપાલની સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ થયું, પણ છેવટે શંખને પોતાના અવશિષ્ટ સૈન્ય સાથે રણભૂમિમાંથી નાસી જવું પડ્યું. નગર ઉપરની આ મહાન આપત્તિ દૂર થઈ એથી ખંભાતના નાગરિકો ખૂબ આનંદિત થયા.

श्रीवस्तुपालेन बलान्निरस्तां, तां दुस्तरामापदमाकलय्य ।
महोत्सवानामकृत प्रवृत्तिं, वीतोपसर्गः पुरवासिवर्गः ॥
गृहे गृहे धातुरसानुलेपाः, समन्ततः स्वस्तिकपङ्क्तिमन्तः ।
विरेजिरे तूर्यरवानुकूलाः, कुलाङ्गनामङ्गलगीतयश्च ॥
बभूव देवेषु विशेषपूजा, राजन्यमार्गेषु विशेषशोभा ।
विशेषहर्षः पुरपूरुषेषु, विशेषवेषश्च वधूजनेषु ॥

ઘેર ઘેર ચોક પુરાયા, વાજિંત્રો વાગ્યાં, અને મંગળ ગીત ગવાયાં, દેવમન્દિરમાં વિશિષ્ટ પૂજાઓ થઈ, રાજમાર્ગો પર વિશેષ શોભા થઈ, વધૂજનોએ વિશેષ શણગાર ધારણ કર્યો. ખંભાતની સીમમાં આવેલા એકલ્લવીરા માતાના મન્દિરમાં ઉત્સવ થયો. વસ્તુપાલની સવારી માતાના દર્શને ગઈ, ત્યારે તેને જોવા માટે સ્ત્રી-પુરુષોની ભારે ભીડ થઈ. દર્શન કર્યા પછી મંત્રીએ બાકીનો દિવસ પોતાના ઉદ્યાનમાં કવિઓ સાથે વિદ્યાવિનોદમાં ગાળ્યો.

प्रकल्पितयां क्षितिकल्पवृक्षे, द्राक्षालतामण्डपवेदिकायाम् ।
कृतोपवेशः स चकार गोष्ठीमनिष्ठुरोक्तिप्रसरैः कवीन्द्रैः ॥

કોઈ કવિએ વસ્તુપાલના કુલની, કોઈએ એના દાનની અને કોઈએ એના માન્યત્વની પ્રશંસા કરી. કવિઓની સરસ્વતીના પ્રવાહ દ્વારા મંત્રીની કીર્તિરૂપી હંસી ભૂમંડલ વટાવીને સમુદ્ર સુધી પહોંચી ગઈ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



केचित् कुलं भीतिनिराकुलस्य, कृतावदानस्य परे च दानम् ।
मान्यत्वमन्ये विनिवृत्तमन्यो, व्याचख्युराख्येयकुलस्य तस्य ॥
कवीन्द्रशैलेन्द्रविनिर्गतानां, सरस्वतीनां प्रसृतान् प्रवाहान् ।
आरुह्य भूमण्डलमासमुद्रमियर्ति मन्त्रीश्वरकीर्त्तिहंसा ॥

કવીશ્વરોની વાણીએ કર્ણ સમાન દાનેશ્વરી વસ્તુપાલનાં કર્ણ પવિત્ર કર્યાં અને બદલામાં મંત્રીએ વિપુલ દાન આપીને તેમનાં હૃદય આનંદિત કર્યાં.

कवीश्वराणां पृणति स्म वाणी, कर्णद्वयं कर्णसमस्य तस्य ।
सोऽपि प्रमोदं हृदयेषु, तेषामुदारपाणी रचयांचकार ॥
दत्ते स्म तेभ्यः सचिवः कविभ्यः, प्रभूतमत्यद्भुतकीर्त्तिरर्थम् ।
आदत्त चिद्रूपतया निगूढमप्यर्थलेशं तु तदीयसूक्तात् ॥
मनीषिणां मानसमन्दिरेषु, श्रीमानमात्यो निवसन्नजस्रम् ।
तेभ्यः सकल्पतं वितरत्यगण्यहिरण्यविश्राणनकैतवेन ॥

આ પ્રમાણે વસ્તુપાલની કીર્તિકૌમુદી જ્યારે પૂર્ણ તેજથી પ્રકાશતી હતી ત્યારે, એક પ્રભાતે તીર્થંકરની પૂજા કરતાં કરતાં તેને ધનની અનિષ્ટતાના, સંસારની અને વિષયોની ત્યાજ્યતાના વિચારો આવ્યા.

पित्राद्यैरुपभुक्ता या, पुत्राद्यैरपि भोक्ष्यते ।
कामयन्ते न तां सन्तो, ग्रामवेश्यामिव श्रियम् ॥
न संसारस्य वैरस्यमिदं वेत्ति जडो जनः ।
यत्सुखं स सुखाभासो, यद्दुःखं दुःखमेव तत् ॥
सत्यं संसृतिगर्तेयं, दुःखैः पूर्णा निरन्तरम् ॥
यतस्तद्व्यतिरेकेण, नान्यत् किञ्चिदिहाप्यते ॥

અને તેણે નિર્ણય કર્યો કે—વિધિ જ્યારે ક્રોધ કરીને વીંધે છે ત્યારે ધર્મ મનુષ્યના કવચરૂપ બને છે, માટે તે જ અમારું શરણ બનો.

विधौ विध्यति सक्रोधे, वर्म धर्मः शरीरिणाम् ।
स एव केवलं तस्मादस्माकं जायतां गतिः ॥

અને પછી વસ્તુપાલ ધર્મસાધના માટે શત્રુંજય અને ગિરનારની મોટી સંઘયાત્રાઓ કાઢે છે. એ યાત્રાઓનું, માર્ગમાં આવતાં અન્ય તીર્થોનું, શત્રુંજય અને ગિરનાર ઉપર મંત્રીએ બાંધેલાં મન્દિરોનું તથા રચેલા ઉત્સવોનું રસિક વર્ણન કરીને સોમેશ્વર કવિ પોતાના મિત્ર અને આશ્રયદાતા વસ્તુપાલ માટે આશીર્વચન ઉચ્ચારી કીર્તિકૌમુદીનું સમાપન કરે છેઃ—


दूर्वापुष्पफलाक्षतैरुपचितं पात्रं दधत्यः करे,
यस्मै मङ्गलमङ्गनाः प्रणयिनां चक्रुस्तदा संमदात् ।
स्फीतानि स्वयशांसि बन्दिगदितान्याकर्णयन् कर्णवत् ,
दानोद्दामकराम्बुजः स जयतु श्रीवस्तुपालश्चिरम् ॥*

---

* 'પ્રાચીન સંસ્કૃત ગ્રન્થોમાંથી વાચન'ની હારમાળામાં તા. ૨૭–૧–૫૦ની સાંજે અમદાવાદ રેડિયો સ્ટેશનેથી કરેલો વાર્તાલાપ—[ઓલ ઇન્ડિયા રેડિયોના સૌજન્યથી.]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ नमः श्रीअन्तरिक्षपार्श्वनाथाय ॥

# કુંડિનપુર

લેખક: **પૂજ્ય મુનિમહારાજ શ્રીજંબૂવિજયજી**

**શ્રી**અંતરિક્ષપાર્શ્વનાથ ભગવાનના તીર્થથી ઉત્તરે ૪૨ માઈલ દૂર આવેલા **શ્રીગોડીપાર્શ્વનાથ**[1] તથા **શ્રીચિંતામણિપાર્શ્વનાથ** ભગવાનનાં બે ભવ્ય જિનાલયોથી

[1] આ શ્રીગોડીપાર્શ્વનાથ ભગવાનનાં પ્રતિમાજી કેટલાંક વર્ષો પૂર્વે બુરહાનપુરથી બાલાપુરમાં લાવવામાં આવ્યાં હતાં. આગળ વિશાળ ચોક અને આસપાસના રમણીય દેખાવથી સ્વર્ગવિમાન સમાન લાગતા વર્તમાન જિનાલયમાં આ પ્રતિમાની પ્રતિષ્ઠા સં. ૧૯૭૨ના વૈશાખ સુદ ૬ ને સોમવારે સ્વ. શેઠ શુકરાલભાઈ હોશીલાલભાઈને હાથે થયેલી છે. શિવવિજયજીના શિષ્ય મુનિરાજ **શ્રીશીલવિજયજી** મહારાજે પૂર્વ–પશ્ચિમ–ઉત્તર–દક્ષિણ એમ ચારે દિશાઓમાં તીર્થયાત્રા કરીને તેમણે જોયેલાં તીર્થોનું વર્ણન કરતી એક **તીર્થમાલા** સં. ૧૭૪૮ માં રચી છે. આ તીર્થમાલામાં ઘણી ઘણી ઐતિહાસિક તેમજ ભૌગોલિક માહિતી તેમણે આપેલી છે. દક્ષિણ દેશમાં તેઓ સં. ૧૭૨૧ થી ૧૭૩૮ સુધી ફર્યા હતા. દક્ષિણ દેશના વર્ણનના પ્રારંભમાં તેઓ જણાવે છે કે—

નદી **નર્બદા** પેલિ પારિ આવ્યા દષ્ય(ખ્ખ)ણ દેશ મઝારિ,
**માનધાતા** તીરથ તિહાં સુણ્યું શિવધર્મી તે માનિ ઘણું. ॥૩॥
પાસ **બ(ખં)ડુઓ** ષડગુણ ગામ **ષા(ખા)નદેસ** કહીઈ સુખધામ,
**બરહાનપુર**મંડણ જિનદેવ પાસ **મનમોહનની** કીજિ સેવ. ॥૪॥
**પાસ ચિંતામણિ ને મહાવીર શાંતિનાથ નેમિજિન** ધીર,
સ્વામી **સુપાસ ગોડી ગુણવંત** મહાજન મોટા તિહાં પુન્યવંત. ॥૫॥

( **प्राचीन तीर्थमालसंग्रह भा. १ पृ. ११३,** શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, ભાવનગરથી પ્રકાશિત.)

ઉપર પાંચમી કડીમાં શીલવિજયજી મહારાજે જે શ્રીગોડીપાર્શ્વનાથ ભગવાનનો ઉલ્લેખ કર્યો છે તે અને બાલાપુરમાં લાવવામાં આવેલા શ્રીગોડીપાર્શ્વનાથ ભગવાન એક જ લાગે છે. બુરહાનપુરમાં જૈનોની વસ્તી ઘટી જવાથી આજસુધીમાં ઘણાં પ્રતિમાજી બહારગામ આપવામાં આવ્યાં છે. વર્તમાનમાં 'ગોડીપાર્શ્વનાથના દેરાસર' તરીકે ઓળખાતું જિનમંદિર પણ બુરહાનપુરમાં અત્યારે ખાલી જ છે—શ્રી ગોડીપાર્શ્વનાથસ્વામીના પ્રતિમાજી વિનાનું છે. આ મૂર્તિના સંબંધમાં બાલાપુરના વૃદ્ધો એક માહાત્મ્ય વર્ણવે છે કે આ પ્રતિમાજી જ્યારે બુરહાનપુરથી અહીં લાવવામાં આવ્યાં ત્યારે લાવનાર જે મનુષ્ય હતો તેની ડોક વાંકી હતી તે પણ આ પ્રતિમાજીને ઉપાડીને બાલાપુર લાવતાં પ્રતિમાજીના પ્રભાવથી સીધી થઈ ગઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિભૂષિત **બાલાપુર** (જિલ્લા–આકોલા, વરાડ) ગામમાં અમારું ગયે વર્ષે (સં. ૨૦૦૫માં) ચોમાસું હતું. **सुलसा चंदनबाला मनोरमा मयणरेहा दमयंती** આ પંક્તિથી આપણે પ્રાતઃકાળના પ્રતિક્રમણમાં **भरहेसर**ની સજ્ઝાયમાં જેનું નિત્ય સ્મરણ કરીએ છીએ તે મહાસતી **દમયંતી** વિદર્ભ દેશના **ભીમરથ** રાજાની પુત્રી હોવાથી **वैदर्भी भैमी** તથા **भीमसुता** વગેરે નામોથી પણ સુપ્રસિદ્ધ છે. નીચેની કડીથી ગુજરાતીઓ સુપરિચિત છે.

" **વૈદર્ભી** વનમાં વલવલે અંધારી રાત, ભામિની ભય પામે ઘણું એકલડી જાત " ॥૧॥

વરાડનું પ્રાચીન નામ **વિદર્ભ** છે. આથી જ્યારે અમારે અહીં વરાડમાં **શ્રીઅંતરિક્ષજી** તીર્થની યાત્રાર્થે આવવાનું થયું ત્યારે અમે મહાસતી **દમયંતી** તથા શ્રીકૃષ્ણવાસુદેવની પટરાણી મોક્ષગામી મહાસતી **રુક્મિણી**ના પિયરની તપાસ કરવા માંડી. તપાસ કરતાં એટલો પત્તો લાગ્યો હતો કે અમરાવતી પાસે કોઈક સ્થળે **કુંડિનપુર** ગામ છે. અને અત્યારે પણ વૈષ્ણવ લોકોનું મોટું તીર્થધામ છે. ત્યાર પછી અમારે બાલાપુર આવવાનું થયું. **બાલાપુર**માં ચોમાસા દરમ્યાન નકશા મંગાવીને તપાસ કરતાં **કુંડિનપુર** ગામ **અમરાવતી** જિલ્લાના **ચાંદૂર** તાલુકામાં **વર્ધા** નદીને કિનારે આવેલું છે એટલો બરાબર પત્તો લાગ્યો. ચોમાસું પૂર્ણ થયે **ભાંડકપાર્શ્વનાથજી** તીર્થની યાત્રાએ અમારે **અમરાવતી વર્ધા–હીંગણઘાટ** થઈને જ જવાનું હતું એટલે એ સંબંધી વિશેષ તપાસ અમરાવતી ગયા પછી જ કરવાનું મુલતવી રાખ્યું.

તાર્કિક શિરોમણિ આચાર્ય ભગવાન **શ્રીમલ્લવાદી ક્ષમાશ્રમણ** વિરચિત **દ્વાદશારનયચક્ર**ના સંશોધનનું અને પ્રેસકોપી લખવાનું કાર્ય મારે ચાલતું હતું તે **શ્રીઋષભદેવ ભગવાન**ની નિર્વાણતિથિ **મેરુતેરશે** (સં. ૨૦૦૬, પોષ વદ ૧૩) સમાપ્ત કરીને મહા સુદ ૬ ના દિવસે અમે બાલાપુરથી ભાંડક (ભદ્રાવતી) તીર્થની યાત્રાર્થે પ્રયાણ કર્યું અને ત્યાંથી પૂર્વમાં ૧૮ માઈલ દૂર આવેલા **આકોલા** શહેરમાં આવ્યા. અહીં તાજનાપેઠમાં જિનમંદિર, ઉપાશ્રય તથા ધર્મશાળા છે. અંતરિક્ષજી તીર્થની યાત્રાએ રેલ્વેદ્વારા આવતા યાત્રાળુઓ અહીંઆં જ ઊતરે છે. પછી અહીંથી દક્ષિણે ૪૫ માઈલ દૂર શિરપુર સુધીની મોટરસડક બંધાઈ ગયેલી છે. આકોલામાં જૈનોનાં લગભગ ૧૦૦ ઘરોની વસ્તી છે. આકોલામાં મૂલનાયક **શ્રીઋષભદેવ ભગવાન** છે.

**આકોલાથી** નીકળી ૨૫ માઈલ દૂર મૂર્તિજાપુર[૧] આવ્યા. **મૂર્તિજાપુર**માં સ્ટેશન ઉપર અને ગામમાં બન્ને સ્થળે પાંચ–દશ મૂર્તિપૂજક અને સ્થાનકવાસી જૈનોનાં ઘર છે. બંને સ્થળે સ્થાનક છે, પણ જિનમંદિર નથી. ત્યાંથી ૨૮ માઈલ દૂર **બડનેરા** આવ્યા. અહીં

---

[૧] મૂર્તિજાપુરથી દક્ષિણ દિશામાં એક રસ્તો કારંજા અને ઉત્તર દિશામાં એક રસ્તો એલિચપુર જાય છે. કારંજા મૂર્તિજાપુરથી ૧૪ માઈલ દૂર છે. વરાડ દેશમાં દિગંબરોનું એ મોટામાં મોટું કેન્દ્ર છે. ત્યાં દિગંબર ભટ્ટારકોની ત્રણ–ચાર ગાદીઓ છે. મોટું છાત્રાલય છે, તેમજ પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓના સંગ્રહવાળો મોટો પુસ્તકભંડાર પણ છે. આ કારંજાના દિગંબર મંદિર અને શ્રાવકો વગેરેનું વર્ણન શ્રીશીલવિજયજીએ પણ **તીર્થમાલા** (પૃ. ૧૧૪)માં કર્યું છે. શીલવિજયજી મહારાજ દક્ષિણમાં સં. ૧૭૨૧ થી ૧૭૩૮ સુધી ફર્યા હતા એ ઉપર કહેવાઈ જ ગયું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થાનકવાસી અને મૂર્તિપૂજક જૈનો છે. સ્થાનક છે, પણ જિનમંદિર નથી. અહીંથી ૬ માઈલ દૂર અમરાવતી[1] શહેરમાં આવ્યા. અમરાવતી અત્યારે વરાડનું પાટનગર ગણાય છે. અહીં સરાફાબજાર પાસે નજીકમાં જ બે જિનાલયો છે. બંનેમાં મૂળનાયક શ્રીપાર્શ્વનાથ ભગવાન છે. મોટા દેરાસરમાં મૂળનાયકજીના જમણા પડખે એક પીરોજા રંગની ૧૧ આંગળ એટલે ૧૨ાા ઈંચ ઊંચી શ્રીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા છે તે ખાસ દર્શનીય છે. નાનું દેરાસર, ઉપાશ્રય અને મોટી ધર્મશાળા બધું ભેગું છે. અહીં જૈનોનાં લગભગ ૬૦ ઘરોની વસ્તી છે. દિગંબરોની ગામમાં ઘણી મોટી વસ્તી છે. તેમનાં ૯ મંદિરો છે. સ્થાનકવાસી અને તેરાપંથીઓનાં પણ કેટલાંક ઘરો છે.

અમરાવતી રેલ્વે રસ્તે વર્ધા ૬૫ માઈલ દૂર છે. જ્યારે આર્વી થઈને જતાં મોટર રસ્તે ૭૮ માઈલ દૂર છે. થોડું ચક્કર ખાઈને જતાં પણ જો વચમાં કુંડિનપુર આવતું હોય તો ત્યાં જવાની અને પ્રત્યક્ષ જોવાની અમારી ખાસ જ ઈચ્છા હતી. તપાસ કરતાં ખબર પડી કે અમરાવતીથી સીધા ગાડા રસ્તે જવું હોય તો ૨૮ માઈલ કુંડિનપુર છે અને મોટર રસ્તે જવું હોય તો ૪૩ માઈલ દૂર આર્વી જઈને કુંડિનપુર જવા માટે ૬ માઈલ પાછા ફરવું પડે છે. બેલગાડીનો રસ્તો અગવડવાળો સમજી અમે મોટર રસ્તો જ પસંદ કર્યો અને અનુક્રમે આર્વી આવ્યા. આર્વી મોટું ગામ છે. રેલ્વે સ્ટેશન પણ છે. અહીં જૈનોનું એક જિનમંદિર તથા ઉપાશ્રય છે. શ્રીસુપાર્શ્વનાથ ભગવાન મૂળનાયક છે. જેસલમેરથી વ્યાપારાર્થે આવીને વસેલા ૧૦-૧૫ શ્રાવકોનાં ઘર છે. દિગંબરોની વસ્તી વધારે છે અને તેમનાં બે જિનમંદિરો છે.

અહીં આર્વીમાં આવ્યા પછી અમારું પહેલું કામ કુંડિનપુર જોવા જવાનું હતું. અમે ત્યાં જોવા માટે જઈ પહોંચ્યા અને મહાસતી દમયંતી અને રુક્મિણીના જન્મથી પવિત્ર થયેલી કુંડિનપુરની ભૂમિનો સ્પર્શ કરીને પારાવાર આનંદ થયો. એ ભૂમિનો સ્પર્શ કરતાં જ દમયંતી અને રુક્મિણીનાં પવિત્ર જીવનો સ્મૃતિપટ ઉપર તરવા લાગ્યાં. આપણે ત્યાં દમયંતી અને રુક્મિણીની કુંડિનપુર સાથે સંબંધ ધરાવતી નીચે મુજબ કથા જોવામાં આવે છે. કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજે રચેલા ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના ૮ મા પર્વને આધારે સંક્ષેપથી અહીં કથા આપવામાં આવે છે—

[ આ લેખનો રસિક ભાગ આવતા અંકમાં આપવામાં આવશે. ]

૧. અંગ્રેજોએ AMARAOTI એવો સ્પેલીંગ કર્યો ત્યારથી અમરાવતી નામનો ઘણો પ્રચાર થયો છે, પણ તેનું મૂળનામ ઉમરાવતી છે, અને તે **उदुम्बरवती** (ઉંબરાના ઝાડવાળી) શબ્દ ઉપરથી બનેલું છે. પહેલાં **उंबरवती** અને પછી **उमरावती** બન્યું છે. અત્યારે પણ અમરાવતી અને બડનેરા વચ્ચેની સડક ઉપર ઘણાં યે ઉંબરાનાં ઝાડ જોવામાં આવે છે. વરાડના ઘણાયે લોકો હજુ પણ **ઉમરાવતી** જ બોલે છે અને લખે છે.

સં० २००६, फाल्गुन शुक्रदशमी (नमि-विनमिमोक्षदिन) मु० आर्वी जिल्ला-वर्धा

मुनिराज श्रीभुवनविजयन्तेवासी
मुनि जंबूविजय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુલાબ અને કાંટા

જૈનોને ગૌરવ આપનારી કેટલીયે હકીકતો તરફ વિદ્વાનોની ઉપેક્ષા વૃત્તિ જોવાય છે. એવી હકીકતો તરફ અહીં સહુનું ધ્યાન દોરવામાં આવે છે.

**બનારસ** પાસેનું સારનાથ આજે બૌદ્ધોનું તીર્થધામ છે. એ સારનાથ નામ ક્યારથી પ્રચલિત થયું એનો નિર્ણય કરવો કઠણ છે. પણ જૈન સાહિત્ય ઉપરથી જણાય છે કે પ્રાગ્ ઐતિહાસિક કાળમાં અગિયારમા તીર્થંકર શ્રીશ્રેયાંસનાથનો જન્મ સિંહપુરી એટલે સારનાથમાં થયો હતો. આ જન્મસ્થાને આજે જૈન મંદિર ઊભું છે. વિદ્વાનોનું માનવું છે કે આધુનિક સારનાથનું નામ પ્રાગૂ ઐતિહાસિક કાળમાં શ્રેયાંસનાથનો અપભ્રંશ હોય એવો સંભવ છે.

× ×

જૈનોના સમર્થ આચાર્યોએ હિંદુ રાજવીઓ ઉપર પ્રભાવ પાડ્યાના અનેક દાખલાઓ જૈન સાહિત્યમાંથી જાણવા મળે છે પણ કટ્ટર મુસ્લિમ બાદશાહોને પણ જૈન ધર્મનો રંગ લગાડવામાં પોતાની વિદ્યાશક્તિનો ઉપયોગ કરી આકર્ષ્યા છે.

સંવત ૧૭૩૫ની આ વાત છે, જ્યારે પં. ભીમવિજયજી ઔરંગાબાદમાં ચોમાસું રહ્યા હતા ત્યારે ત્યાંનો નવાબ અસતખાનનો પુત્ર જાલુફકાર માંદો પડ્યો. જ્યોતિષ વિદ્યાના પ્રખર ધુરંધર પંન્યાસજીને નવાબે તેની જન્મપત્રી ઉપરથી જ કહી દીધું કે, " તમારા પુત્રને બે પહોરમાં આરામ થઈ જશે અને તમારી સાથે સાંજે જમવા બેસશે. વળી તેની પત્ની આજે પાંચ માસથી ગર્ભવતી હોવી જોઈએ. "

આ વાસ્તવિક હકીકતથી નવાબને તેમની જ્ઞાનશક્તિ પ્રત્યે ખૂબ માન ઉપજ્યું અને તેમની સાથે ઘનિષ્ટ સંબંધ જામ્યો. સં. ૧૭૩૬માં બાદશાહ ઔરંગઝેબ અજમેર પર ચડી આવ્યો ત્યારે નવાબ અસતખાને પં. ભીમવિજયને ફરમાનપત્ર આપી અજમેર, મેડતા, સોજત, જયતારણ અને જોધપુર વગેરેના ઉપાશ્રયો જે ખાલસા કરી લીધા હતા તે પાછા અપાવ્યા ને એમના ઉપકારનો બદલો એ રીતે વાળ્યો હતો.

× ×

જૈનાચાર્યોએ જૈનમંદિરો જેટલું જ મહત્ત્વ ગ્રંથભંડારો સ્થાપવામાં આપ્યું છે. જેના પરિણામે આજે કેટલાયે નગરોમાં જૈનોના ગ્રંથભંડારો એમની ભૂતકાલીન ગૌરવગાથાનો ઇતિહાસ પૂરો પાડે છે. કેટલાયે શ્રેષ્ઠીઓએ પોતાની અઢળક લક્ષ્મીનો સદુપયોગ કરી એ દ્વારા દાનવીરની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. એવા એક દાનવીરનો પરિચય પૂનાના ભંડારમાં રહેલા જીવાભિગમસૂત્રની એક પ્રશસ્તિ પૂરો પાડે છે.

એ પ્રશસ્તિમાં કહેવામાં આવ્યું છે કે, સં. ૧૫૫૭મા શ્રેષ્ઠીઓથી શોભતા બીલડી નગરમાં પોરવાલ ચોકસી પાસવીરે ગ્રંથભંડાર સ્થાપીને ૬૩૬૦૦૦ શ્લોકપૂર ગ્રંથો લખાવ્યા હતા અને પં. શુભભૂષણે એ ગ્રંથોને સંશોધ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નવા ભંડારોની વાત ન કરીએ તોયે ખૂણેખાંચરે રહેલા આવા ગ્રંથભંડારોને શોધી કાઢવા એ પણ આજે તો મહત્પુણ્યનું કામ છે.

× ×

જૈન મંદિરોમાં એક કાળે જનસાધારણનું આકર્ષણ કરવા ને જૈન સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે નાટ્ય સમારંભો યોજવામાં આવતા હતા એનાં કેટલાંયે પ્રમાણો મળી આવે છે. તેમાંનું એક પ્રમાણ જાલોરના શ્રીઆદીશ્વર ભગવાનના મંદિરમાં ભજવાયેલા નાટકનું પણ છે.

જાલોરમાં ચૌહાણવંશી રાજા સમરસિંહ હતો ત્યારે તેના ભંડારી પાસુના પુત્રો યશોવીર અને અજયપાલ મંત્રીઓ હતા. મંત્રી અજયપાલે યાત્રોત્સવ પ્રસંગે વાદી દેવસૂરિના શિષ્ય આ. જયપ્રભસૂરિ, તેમના શિષ્ય શ્રીરામભદ્રસૂરિએ રચેલા 'પ્રબુદ્ધરોહિણેય' નાટકને એ મંદિરમાં ભજવાવ્યું હતું. આ હકીકત આજે કેટલાકને આશ્ચર્યકારક લાગે એવી છે.

× ×

આજના પાલનપુરને પ્રહ્લાદનસિંહ નામના પરમાર રાજવીએ સં. ૧૦૧૦માં વસાવ્યું હતું. આ રાજા વિદ્વાન હતો. તેણે 'પાર્થપરાક્રમ' નામે એક નાટકની રચના કરી હતી જે આજે ઉપલબ્ધ છે. તેણે આબુના શિવમંદિરમાં નાંદિયો કરાવવા માટે જિન પ્રતિમા ગળાવી અને એ પાપથી તેને કોઢનો રોગ થયો. એના નિવારણ માટે તેણે શીલધવલસૂરિનો સંપર્ક સાધ્યો. સૂરિજીએ પાલનપુરમાં જિનમૂર્તિ કરાવવાથી રોગ દૂર થવાની ફળશ્રુતિ સંભળાવી તેથી તેણે એ નગરમાં પલ્લવિયા પાર્શ્વનાથની સોનાની મૂર્તિ કરાવી પ્રતિષ્ઠિત કરી હતી.

આ પાલનપુરને સં. ૫૦૫માં ચૌહાણ પાલણસિંહે પ્રથમ વસાવ્યું હતું. એનો નાશ થયા પછી સં. ૧૦૧૦માં પરમાર પાલણસિંહે એને નવો અવતાર આપ્યો.

× ×

પહેરવેશ પણ માનવ સંસ્કારમાં પલટો કરાવવામાં મોટો ભાગ ભજવે છે. જે પહેરવેશ તરફ આપણને માન હોય છે એ એના યોગ્ય પાત્ર ઉપર ભારે અસર નિપજાવે છે એનો એક દાખલો જૈન સાહિત્યના પાના ઉપર અંકાયેલો સાંપડે છે.

કોઈ એક ધનિક શ્રાવકે ભારતભરમાં જે ચતુર્થ બ્રહ્મચર્ય વ્રતધારી શ્રાવક હોય તેને અમુક પ્રકારના વેષની પહેરામણી મોકલવાની વ્યવસ્થા કરી. તેણે પોતાના પહેરામણી વાહકને જણાવ્યું કે 'તું માંડવગઢ જાય ત્યારે ત્યાંના મહાદાની ને મહાધર્મી સાધુ પેથડશાહને પણ સાધર્મિક ભક્તિરૂપે એક પહેરવેશ આપજે.' એણે માંડવગઢ આવીને મંત્રી પેથડશાહને એ પહેરવેશ આપ્યો. ત્યારે તેને આ પહેરવેશની મહત્તા વિશે ભારે માન ઉપજ્યું. અને પોતે ચતુર્થવ્રતધારી નહોતો એથી એ ભેટ સ્વીકારતાં અમૂંઝણ પણ થઈ. એ ભેટ પાછી આપવી એને ઉચિત ન લાગી. આથી તેણે એ પહેરવેશનો હેતુ જાળવવા બત્રીશ વર્ષની ભરયુવાનીમાં તરત જ ગુરુ પાસે જઈ સજોડે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું ને એ ભેટનું ગૌરવ જાળવી બતાવ્યું. —અં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નોત્તર—કિરણાવલી

પ્રયોજકઃ પૂજ્ય આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી.

[ ક્રમાંકઃ ૧૭૩ થી ચાલુ ]

**૩૫ પ્રશ્ન**—વાસુદેવના સાત રત્નો કયા કયા ?

**ઉત્તર**— ૧ ચક્રરત્ન, ૨ ધનુષ્યરત્ન, ૩ ખડ્ગરત્ન, ૪ કૌસ્તુભરત્ન, ૫ ગદારત્ન, વનમાલારત્ન, ૭ શંખરત્ન. આ રીતે વાસુદેવનાં સાત રત્ન જાણવાં. (૩૫)

**૩૬ પ્રશ્ન**—એ સાતે રત્નોનો આકાર કેવો હોય ?

**ઉત્તર**—ચક્રરત્ન અને ખડ્ગરત્ન બંને વૃત્ત (ગોળ) હોય છે, ધનુષ્યરત્ન ચક્રના જેવું હોય, અને કૌસ્તુભરત્ન સ્તંબલંબના જેવું હોય છે એટલે ગુચ્છાકારે હોય છે. ગદારત્ન વત્સના જેવું હોય તથા વનમાળારત્ન લંબના જેવું અને શંખરત્ન ચતુષ્કોણ એટલે ચોખૂણું હોય છે. આ રીતે વાસુદેવના સાત રત્નોનો આકાર જાણવો. (૩૬)

**૩૭ પ્રશ્ન**—વાસુદેવના એ સાતે રત્નોનું પ્રમાણ કેટલું કેટલું હોય ?

**ઉત્તર**—૧ ચક્રરત્નનું પ્રમાણ ચાર હાથ, ૨ એ જ પ્રમાણે ધનુષ્યરત્નનું પ્રમાણ પણ ચાર હાથનું જાણવું. ૩ ખડ્ગરત્નનું પ્રમાણ બત્રીસ અંગુલ એટલે એક હાથ ને આઠ અંગુલ હોય. ૪ કૌસ્તુભરત્નનું પ્રમાણ એક વામ જેટલું એટલે ચાર હાથ પ્રમાણ જાણવું. ૫ ગદારત્નનું પ્રમાણ એક હાથ પ્રમાણ જાણવું. ૬ વનમાળારત્નનું પ્રમાણ ખડ્ગરત્ન સરખું હોય એટલે એક હાથ ને આઠ આંગળ જેટલું પ્રમાણ જાણવું. ૭ શંખરત્નનું પ્રમાણ ચાર અંગુલ જાણવું. (૩૭)

**૩૮ પ્રશ્ન**—વાસુદેવનાં અને બળદેવનાં પહેરવાનાં વસ્ત્રોનો રંગ કેવો હોય ?

**ઉત્તર**—વાસુદેવના વસ્ત્રોનો રંગ પીળો હોય અને બળદેવના વસ્ત્રોનો રંગ લીલો હોય. (૩૮)

**૩૯ પ્રશ્ન**—વાસુદેવની અને બળદેવની ધ્વજાએ કયા કયા ચિહ્નો હોય ?

**ઉત્તર**—વાસુદેવની ધજાએ તાડનું ચિહ્ન હોય ને બળદેવની ધજાએ ગરુડનું ચિહ્ન હોય. (૩૯)

**૪૦ પ્રશ્ન**—વાસુદેવના પાંચ આયુધ કયા કયા ?

**ઉત્તર**—૧ પંચાયન નામનો શંખ. ૨ સુદર્શન નામનું ચક્ર. ૩ કૌમુદી નામની ગદા. ૪ સારંગ નામનું ધનુષ્ય. ૫ નંદા નામનું ખડ્ગ. આ રીતે વાસુદેવના પાંચ આયુધ જાણવાં. (૪૦)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૪૧ પ્રશ્ન**—બળદેવના આયુધો કયા કયા ?

**ઉત્તર**—હળ અને મુશળ આ બે આયુધ બળદેવનાં જાણવાં. (૪૧)

**૪૨ પ્રશ્ન**—અઢીદ્વીપમાં વીસ વિહરમાન ભગવંતોની વ્યવસ્થા કેવા પ્રકારની છે ?

**ઉત્તર**—વીસ વિહરમાન ભગવંતોમાં શરૂઆતના ચાર વિહરમાન ભગવંતો જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં છે, આ મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ વિજયો પૈકી આઠમી પુષ્કલાવતી વિજયમાં શ્રીસીમંધરસ્વામી વિચરે છે અને બીજા યુગમંધર તીર્થંકર નવમી વપ્ર વિજયમાં વિચરે છે. તથા ત્રીજા બાહુ તીર્થંકર ચોવીસમી વત્સ વિજયમાં વિચરે છે તેમજ ચોથા સુબાહુ તીર્થંકર પચીસમી નલિનાવતી વિજયમાં વિચરે છે. આ રીતે જંબૂદ્વીપના મહાવિદેહમાં શરૂઆતના ચાર તીર્થંકરોની વ્યવસ્થા જાણવી.

હવે ધાતકીખંડના પૂર્વ ધાતકીખંડ અને પશ્ચિમ ધાતકીખંડ એવા બે વિભાગ છે. તેમાં પૂર્વ ધાતકીખંડમાં આઠમી પુષ્કલાવતી વિજયમાં પાંચમા સુજાત તીર્થંકર વિચરે છે અને નવમી વપ્ર વિજયમાં છઠ્ઠા સ્વયંપ્રભ તીર્થંકર વિચરે છે તથા ચોવીસમી વત્સ વિજયમાં સાતમા ઋષભાનન તીર્થંકર વિચરે છે. તેમજ પચીશમી નલીનાવતી વિજયમાં આઠમા અનંતવીર્ય તીર્થંકર વિચરે છે. આ રીતે પૂર્વ ધાતકીખંડના ચાર તીર્થંકરોની વ્યવસ્થા જાણવી.

હવે પશ્ચિમ ધાતકીખંડના ચાર તીર્થંકરોની વ્યવસ્થા આ પ્રમાણે જાણવી—પશ્ચિમ ધાતકીખંડની આઠમી પુષ્કલાવતી વિજયમાં નવમા સૂરપ્રભ તીર્થંકર વિચરે છે. અને નવમી વપ્ર વિજયમાં દશમા વિશાલપ્રભ તીર્થંકર વિચરે છે. તથા ચોવીશમી વત્સ વિજયમાં અગિયારમા વજ્રંધર તીર્થંકર તથા પચીસમી નલીનાવતી વિજયમાં બારમા ચંદ્રાનન તીર્થંકર વિચરે છે. આ રીતે પશ્ચિમ ધાતકીખંડના ચાર તીર્થંકરોની વ્યવસ્થા જાણવી.

હવે પુષ્કરવર દ્વીપના અડધા ભાગમાં આઠ વિહરમાન તીર્થંકર ભગવંતો વિચરી રહ્યા છે. તેમની વ્યવસ્થા આ પ્રમાણે જાણવી—પુષ્કરવર દ્વીપના અર્ધા ભાગમાં પૂર્વ પુષ્કરવર દ્વીપ અને પશ્ચિમ પુષ્કરવર દ્વીપ આ રીતે બે દિશાની અપેક્ષાએ બે વિભાગ પડ્યા છે. તેમાં પૂર્વ પુષ્કરાર્ધની આઠમી પુષ્કલાવતી વિજયમાં તેરમા ચંદ્રબાહુ તીર્થંકર અને નવમી વપ્ર વિજયમાં ચૌદમા ભુજંગ તીર્થંકર તથા ચોવીશમી વત્સ વિજયમાં પંદરમા ઈશ્વર તીર્થંકર તેમજ પચીશમી નલીનાવતી વિજયમાં સોળમા નેમિપ્રભ તીર્થંકર વિચરે છે. આ રીતે પૂર્વ પુષ્કરાર્ધના મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા ચાર તીર્થંકરોની વ્યવસ્થા જાણવી.

હવે પશ્ચિમ પુષ્કરાર્ધના મહાવિદેહમાં વિચરતા ચાર તીર્થંકરોની વ્યવસ્થા આ પ્રમાણે જાણવી—પશ્ચિમ પુષ્કરાર્ધના મહાવિદેહની આઠમી પુષ્કલાવતી વિજયમાં સત્તરમા વીરસેન તીર્થંકર વિચરે છે અને નવમી વપ્ર વિજયમાં અઢારમા મહાતીવ્ર તીર્થંકર વિચરે છે તથા ચોવીશમી વત્સ વિજયમાં ઓગણીસમા દેવયશા તીર્થંકર વિચરે છે. તેમજ પચીશમી નલીનાવતી વિજયમાં વીસમા અજિતવીર્ય તીર્થંકર વિચરે છે. આ રીતે અઢી દ્વીપના મહાવિદેહમાં વિચરતા વીસ તીર્થંકરોની વ્યવસ્થા જાણવી. (૪૨)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

[ અનુસંધાન ટાઇટલ પેજ બીજાનું ચાલુ ]

(૨) ઉપર (૧) માં જે કંઇ કહેવાયું છે તે છતાં રાજ્ય તરફથી જેનું સંચાલન થતું હોય એવી કેળવણી સંસ્થામાં પણ ધાર્મિક શિક્ષણ આપી શકાશે, જો એ સંસ્થા સખાવત અથવા ટ્રસ્ટને આભારી હશે અને જો એમાં એવી કેળવણીસંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપવાનું આવશ્યક મણાયું હશે.

( ૩ ) રાજ્યે જેને મંજૂરી આપી હોય અથવા રાજ્ય તરફથી જેને નાણાંકીય મદદ મળતી હોય એવી કેળવણીની કોઈ પણ સંસ્થામાં હાજરી આપતા કોઈને પણ એવી સંસ્થામાં અપાતું ધાર્મિક શિક્ષણ લેવાની ફરજ પાડી શકાશે નહિ. તેમજ એવી સંસ્થામાં અથવા એની સાથે સંયુક્ત હોય એવા સ્થાનકમાં ચાલતી ધાર્મિક પ્રાર્થનામાં હાજરી આપવાની ફરજ પણ એને પાડી શકશે નહિ. સિવાય કે એ માટે એણે અથવા એ સગીર ઉંમરનો ન હોય તો એના વાલીએ કબુલાત આપી હોય.

★

# ગ્રંથ–સ્વીકાર

૧. **જૈન તીર્થોનો ઇતિહાસ :** લેખકઃ મુનિરાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી), પ્રકાશકઃ શ્રીચારિત્ર સ્મારક ગ્રંથમાળા, નાગજીભૂદરની પોળ, અમદાવાદઃ પ્રાપ્તિસ્થાનઃ શેઠ મગનલાલ પ્રતાપચંદ જૈન લાયબ્રેરી, ગોપીપુરા સુરત. કિંમત બાર રૂપિયા.

૨. **શ્રીસિદ્ધચક્ર આરાધના વિધિ :** સંપા. મુનિરાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી), પ્રકાશકઃ માણેકલાલ અમરતલાલ ગજરાવાળા, માંડવીની પોળ, મહાજનવાડો અમદાવાદ. કિંમત ત્રણ રૂપિયા.

૩. **સિદ્ધચક્ર માહાત્મ્ય ;** યોજકઃ મુનિરાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી), પ્રકાશકઃ ઉપર મુજબઃ કિંમતઃ આઠ આના. [ટપાલ ખરચની એક આનાની ટીકીટ શ્રી મગનલાલ નરસીદાસ વહોરા, ઠેઃ જૈન સોસાયટી, બંગલા નં. ૨૫, એલીસબ્રીજ, અમદાવાદ–એ સરનામે મોકલતાં આ પુસ્તિકા ભેટ મળી શકશે. ]

૪. **શ્રીતંદુલવેયાલિયપ્રકરણ :** ( મૂળ પાઠ, સંસ્કૃત છાયા અને ભાવાર્થ સાથે ) અનુઃ પં. અંબિકાદત્ત ઓઝા. વ્યાકરણાચાર્ય, સંપાઃ પં. ઘેવરચંદ્ર બાંઠિયા જૈન સિદ્ધાંત-શાસ્ત્રી, ન્યાય-વ્યાકરણતીર્થ. પ્રકાશકઃ શ્રીશ્વેતાંબર સાધુમાર્ગી જૈન હિતકારિણી સંસ્થા, બિકાનેર. કિંમત પોણા બે રૂપિયા.

**4. A Public Holiday on Lord-Mahavira Brithday.**

By—Sumerchandra Diwaker, Published by : Shri Mahavira Jain Sabha Mandala, Bishengarh ( Marwar. )

૬. **संक्षिप्त प्राकृत रूपमाला** —સંપાદકઃ મુનિ ચંદ્રોદયવિજયજી, પ્રકાશકઃ શેઠ ઝવેરચંદ રામાજી શાહ, નવસારી. પ્રાપ્તિસ્થાનઃ જીવણલાલ છોટાલાલ સંઘવી, ડોશીવાડાની પોળ, અમદાવાદ—અને જસવંતલાલ ગિરધરલાલ શાહ, ૧૨૩૮ રૂપાસુરચંદની પોળ અમદાવાદ. કિંમત એક રૂપિયો.

૭. **हैमलघुप्रक्रिया टिप्पण्यलङ्कृता**—[પૂર્વાર્ધ] કર્તા. મહોપાધ્યાય શ્રીવિનય-વિજયજી ગણિ, સંપાઃ મુનિરાજ શ્રી પ્રિયંકરવિજયજી, પ્રકાશકઃ રણજીતકુમાર જૈન, જોધપુર, પ્રાપ્તિસ્થાન; શ્રીજસવંતલાલ ગિરધરલાલ શાહ, ૧૨૩૮ રૂપાસુરચંદની પોળ, અમદાવાદ, કિંમત અઢી રૂપિયા.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shri Jaina Satya Prakasha. Regd. No, B. 3801 श्री जैन सत्य प्रकाश

## દરેકે વસાવવા યોગ્ય

# શ્રી જૈન સત્ય પ્રકાશના વિશેષાંકો

## (૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

## (૨) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

## શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબ આપતા લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્ય મ૦ના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

## કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, પાંચમા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની પાકી ફાઈલો તૈયાર છે.
મૂલ્ય દરેકના અઢી રૂપિયા

— લખો —

**શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ**
**જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.**

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only